RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 202* Date: 13.05.2023, Friday * Page :06 * Rs. 1.00/- * Annual Rs. 351/-

વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાત

## ૨૧મી સદીમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા બદલી રહી છે, શિક્ષકો, વિદ્યાર્થીઓ બદલી રહ્યા છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૨ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે. અમદાવાદના એરપોર્ટ પર મોદી આવી પહોંચતા તેમનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં ઓલ ઈન્ડિયા પ્રાઈમેરી ટીચર્સ ફેડરેશનના કાર્યક્રમ સ્થળે પહોંચ્યા છે. અહીં મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા છે. આજે મુખ્યમંત્રી ખાદીના શર્ટ-પેન્ટમાં જોવા મળ્યા છે. નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવમાં વિકાસમાં શિક્ષકોનો મહત્વનો ફાળો છે. એક સમયે ગુજરાતમાં ડ્રોપઆઉટ રેટ ૪૦ ટકા આસપાસ હતો. આજે ૩ ટકા કરતા ઓછો છે. આ ગુજરાતના શિક્ષકોના સહયોગથી જ સંભવ થયું છે.

ઉમરગામથી અંબાજી સુધી સાયન્સ સ્ટ્રીમનું ભણતર જ કોઈ નહોતા કરતા, વિદેશમાં નેતાઓને મળુ છું એ લોકો જે વાત જણાવે છે તે અહીં બેઠેલા તમામ શિક્ષકો ગર્વ અનુભવશે. ભારતીય શિક્ષકોનું કેટલું યોગદાન રહેલું છે તેનું ગર્વ સાથે વર્ણન કરું છું. ભુતાનના લોકોને ભારતીય શિક્ષકોએ ભણાવ્યા છે. સાઉદી ગયો તો ત્યારે ત્યાંના રાજવી પરિવારે મને કહ્યું કે, તમને હું બહું પ્રેમ કરું છું, કારણ કે, મારા શિક્ષણ ભારત અને તેમાંય ગુજરાતના હતા. ડબ્લ્યુએચઓના પ્રેસિડેન્ટે મને કહ્યું હતું કે, તમે મને ભેટ સોગાત આપી શકશો અને સાર્વજનિક રીતે દેવી પડશે. મેં પણ સાવજનિક રીતે ડબ્લ્યુએચઆના પ્રેસિડેન્ટનું નામ તુલસી રાખ્યું હતું. આજ પ્રાથમિક શિક્ષકોના આ કાર્યક્રમમાં હું તમને મન ખોલીને વાત કરવા માગું છું. ૨૧મી સદીમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા બદલી રહી છે, શિક્ષકો, વિદ્યાર્થીઓ બદલી રહ્યા છે. પહેલા સંશાધનોની અછત જેવી સમસ્યાઓ હતી. આજ સુવિધાઓની અછત હતી તે ધીને ધીરે દૂર થઈ રહી છે. આજે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસથી ભરેલા છે. ૮-૯ વર્ષના વિદ્યાર્થીઓ શિક્ષકોને ચેલેન્જ આપે છે. અહીંયા બેઠેલા શિક્ષકોને અનુભવ હશે કે, વિદ્યાર્થીઓ તમારી પાસે કઠિન પ્રશ્નો લઈને આવતા હશે. આ ચેલેન્જને શિક્ષકો કેવી રીતે હલ કરે છે તેની પણ સક્ષતા ધરાવે છે. આ ચેલેન્જ આપણને લર્ન, અનલર્ન અને વી લર્ન કરવાનો મોકો આપે છે. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને ગાઈડ અને એક્ટર પણ બનાવે છે. ગુગલમાંથી ડેટા મળી શકે છે પણ નિર્ણય પોતાએ જ લેવો પડે છે. માત્ર ગુરૂ જ શિષ્યને સમજાવી શકે છે કે, કઈ જાણકારી ઉપયોગી છે અને કઈ નથી. એક ગુરૂ જ શિષ્યની હાલત સમજીને તેની બધી મુશ્કેલીઓ હરી પ્રેરિત કરે છે. આ દુનિયાની કોઈ ટેકનોલોજી શીખવાડી શકતી નથી. ઈન્ફોર્મેશનની ભરમાર હોય ત્યારે વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ થઈ જાય છે કે કઈ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવું. આ માટે આજની સદીના વિદ્યાર્થીઓ માટે શિક્ષકોની ભૂમિકા મહત્વની થઈ ગઈ છે. હું તમને કોઈ ઉપદેશ દેવા આવ્યો નથી. તમે પળવાર માટે ભૂલી જાવ કે તમે શિક્ષક છો, તમારા સંતાનોન વિશે વિચારો તો એવું જ મનમાં આવે કે આપણા બાળકોને સારું શિક્ષણ મળે. તમે તમારા સંતાનો માટે ઈચ્છો છો તે તમારા વિદ્યાર્થીઓ સાથે ઈચ્છો છો. પ્રાઈમેરી શિક્ષણનો રોલ ખૂબ મહત્વનો હોય છે. હાલ તમે જે સ્કૂલોમાં કાર્યરત છો ત્યાં નવી શિક્ષણ નીતિ લાગુ થઈ ગઈ હશે અથવા તો લાગુ થવાની હશે. દેશના લાખો શિક્ષકોએ આ શિક્ષણ નીતિ બનાવવામાં ફાળો આપ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રેક્ટિકલ છે. ટિચીંગ અને લર્નિંગથી જ શિક્ષણને આગળ વધારવાનું છે. પહેલા સાંજે વિદ્યાર્થીઓ ઘરે જતા ત્યારે શિક્ષકો હોમ વર્ક નહીં પણ બીજું કામ સોંપતા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન હંમેશા કહે છે કે, કંકણમાંથી શંકર બનાવે, તેઓએ શિક્ષણ અને શિક્ષકનું મહત્ત્વ આપ્યું છે. તમે સૌ ભાવિ પેઢીના વિશ્વકર્મા છો. શિક્ષકે પોતાની જાત અપડેટ અને અપ ટુ ડેટ રાખવી પડે છે. બે દાયકામાં ગુજરાતે જે વિકાસ કર્યો છે તેમાં શિક્ષકોનો મહત્વનો ભાગ છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અતર્ગત ગુજરાત સરકારે કામ કર્યું છે.

'શ્રી આદિજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા

## શ્રીમતી રાજશ્રીબેન ભરતભાઈ જૈનનાં ૫૦માં જન્મદિવસે વ્હીલ ચેર અને સિલાઈ મશીન નિઃશુલ્ક આપવામાં આવશે

'શ્રી આદિજન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)' જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ સંસ્થા દ્વારા અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે. નકામી બંજર જમીનમાં નેપીયેર ઘાસ ઉગાડવા માટે મદદ કરવામાં આવે છે. પશુઓને શાતા મળી રહે તે માટે શેડ, ચારા, ગોદામ તેમજ પાણીનાં અવેડા, ગમાણ વિગેરે અકોલા, નાંદેડ, યવતમાલ, વર્ધા, નાગપુર, મહારાષ્ટ્રમાં બંધાવી આપ્યા છે. દર વર્ષે મેગા એનીમલ કેમ્પનું વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં આયોજન કરવામાં આવે છે. જેમાં ૨૦- ૩૦ ગામોનાં પશુઓનો સમાવેશ કરીને લગભગ ૧૫૦ થી ૨૦૦ ડોકટરોની મદદથી હજારોની સંખ્યામાં પશુઓની સારવાર તેમજ ઓપરેશન કરવામાં આવે છે. જેમ કે કેન્સર, ટયુમર તથા પેટમાં રહેલ પ્લાસ્ટિક, કાચ જેવા હાનિકારક વસ્તુઓને ઓપરેશન દ્વારા બહાર કાઢવા, ગર્ભાશયનાં વિવિધ ઉપચાર, જયપુર ફૂટ વિગેરે જેમાં ૫ થી ૧૦ પાંજરાપોળોને લાભ મળે છે. બનાસકાંઠામાં આવેલા પુર સમયે અને રાજસ્થાનમાં દુષ્કાળનાં સમયગાળામાં પશુઓ માટે ઘાસચારો પૂરો પાડવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર તેમજ ગુજરાતમાં ૧૦ જગ્યાએ શેડ બનાવી આપવાનું કામ ચાલુ છે જેમાં ૩૦૦૦ થી વધુ જીવોનો સમાવેશ કરવામાં આવશે. શંખેશ્વર તેમજ નાલાસોપારામાં બહેનો આત્મનિર્ભર બને તે માટે ૧૦૦ બહેનોને સિલાઈ મશીનની ત્રણ મહિનાની ટ્રેનીંગ આપી તેમને સીલાઈ મશીન ભેટ કરવામાં આવ્યા જેથી તેઓ પોતે પોતાના પરીવારનું ભરણપોષણ કરી શકે. ૨૦૦ જરૂરતમંદ અપંગોને વ્હીલચેર તથા ટ્રાયસિકલ સંસ્થા દ્વારા આપવામાં આવેલ છે. નાલાસોપારામાં એકલા રહેતા વૃધ્ધ બીમાર, અસહાય ૧૩૫ વડીલોને છેલ્લા ૩૦ મહિનાથી ઘરે ઘરે ટિફીન સેવા સાથે વૈદ્યકીય સહાય સંસ્થાનાં દાતાઓનાં સહકારથી કાર્યરત છે. નાલાસોપારા અને વિરારમાં રસ્તે રખડતાં શ્વાન અને બિલાડીઓને રોજ દૂધ અને રોટલી આપવામાં આવે છે. કાંદીવલી અને નાલાસોપારામાં વિવિધ જગ્યાએ પક્ષીઓ માટે પાણીના કુંડા અને રોજની ૨૦૦ કિલો જુવાર, મકાઈની ૩૬૫ દિવસ સેવા ચાલુ છે. ગુજરાત અને મુંબઈમાં રહેતા આર્થિક રીતે નબળા જૈન સાધર્મિક પરિવારોની નિયમિત સારસંભાળ લઈ રહયાં છીએ. એમને દાતાઓનાં સહકારથી સાધર્મિક ભકિત કરી રહયાં છે. સંસ્થા આર્થિક રીતે અસક્ષમ રોગીઓ માટે દવા તથા વિવિધ હોસ્પિટલમાં સારવાર માટે મદદ કરી રહી છે. 'શ્રી આદિજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા શ્રીમતી રાજશ્રીબેન ભરતભાઈ જૈનનાં ૫૦માં જન્મદિવસે વ્હીલ ચેર અને સિલાઈ મશીન નિઃશુલ્ક આપવામાં આવશે. છેલ્લા બે મહિનામાં વધુ ૫૦ બહેનોને સિલાઈ મશીન અર્પણ કરી, જે બહેનોને સીવણ કામ આવડતું નહતું તેમના માટે સીવણનાં નિઃ શુલ્ક ક્લાસ કરી તેમને આત્મનિર્ભર કરવામાં આવ્યા છે. 'આદી જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા સર્વેક્ષણ મુજબ જરૂરિયાતમંદોને વ્હીલ ચેર અને વિધવાઓને આત્મનિર્ભર બનાવવા માટે ૧૪ મે, અર્થ કેસલ ગોલ્ડન બેક્ર્વેટ, ત્રીજો માળ, સિકાનગર ખાતે સાંજે ૪ વાગ્યે સિલાઈ મશીન આપવામાં આવશે.

GTU, ચાંદખેડા કેમ્પસ ખાતે પૂર્વ-પ્રકાશિત

## કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગ (અંગ્રેજી-હિન્દી) ની ગુજરાતી આવૃત્તિ માટે ત્રીજી સમીક્ષા બેઠકનું સમાપન



GTU, ચાંદખેડા કેમ્પસ ખાતે પૂર્વ-પ્રકાશિત કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગ (અંગ્રેજી-હિન્દી) ની ગુજરાતી આવૃત્તિ માટે ૮ મે થી ૧૨ મે ૨૦૨૩ દરમિયાન પાંચ દિવસની ત્રીજી સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ૮ મે ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. શ્રી. શિવકુમાર ચૌધરીએ CSTT અને તેની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આ સમીક્ષા બેઠકનો ઉદ્દેશ પૂર્વ-પ્રકાશિત કોમ્પ્રિહેન્સિવ ગ્લોસરી, એન્જિનિયરિંગની ગુજરાતી આવૃત્તિની સમીક્ષા કરવાનો હતો. આ બેઠકમાં એન્જિનિયરિંગ, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓના કુલ ૨૧ નિષ્ણાતોએ ભાગ લીધો હતો અને લગભગ ૯૦૦૦ ગુજરાતી શબ્દોની સમીક્ષા કરી હતી. આવી વારંવારની સળંગ બેઠકો દ્વારા લગભગ ૫૦,૦૦૦ ગુજરાતી સમકક્ષોની સમીક્ષા કરવામાં આવશે. NEP ૨૦૨૦ મુજબ, આ અનુવાદ પ્રક્રિયા માનનીય ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) પંકજરાય પટેલ અને રજિસ્ટ્રાર ડૉ.કે.એન.ખેર ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. આ મીટીંગનું સંકલન ડો.ઉત્સવ ગઢિઆ, ડો.વિવેક પટેલ, પ્રો.ગૌરવ વ્યાસ, પ્રો.કેદાર બધેકા અને પ્રો.રસિક મકવાણા દ્વારા જીપીઈઆરઆઈના પ્રિન્સીપાલ ડો. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી મીનાક્ષી લેખી

## જૈન આચાર્ય લોકેશજી અને બૌદ્ધ સાધુ રિનપોચેએ 'બુદ્ધ શરણમ્ ગચ્છમી' પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યુ



નવી દિલ્હી સ્થિત 'નેશનલ ઓફ મોર્ડન આર્ટ'ના પરિસરમાં ભારત સરકારનાં સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત એક પ્રદર્શન "બુદ્ધમ્ શરણમ ગચ્છામી". પ્રદર્શનનું ઉદઘાટન શ્રીમતી ડો. મીનાકાશી લેખી, કેન્દ્રીય સાંસ્કૃતિક રાજય મંત્રી, હિઝ એમિનન્સ કુંડેલિંગ તત્સક રિનપોચે અને પ.પૂ. જૈન આચાર્ય ડૉ. લોકેશજી દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે બૌદ્ધ ધર્મના અનુયાયીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કેન્દ્રીય સાંસ્કૃતિક રાજય મંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીએ સંબોધન કરતાં કહ્યું કે બૌદ્ધ ધર્મમાં દયા, પ્રેમ, ક્ષમા વગેરે જેવા માનવતાવાદી ગુણોનું મહત્વ છે, જેની આજે વિશ્વને જરૂર છે. બૌદ્ધ ધર્મના કરુણા, દયા જેવા માનવ કલ્યાણના વિચારોને લોકો સુધી લઈ જઈને સંતુલિત સમાજના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે. તેમણે જણાવ્યું કે કરુણા અને દયાના વિકાસ દ્વારા જ શ્રેષ્ઠ સમાજનું નિર્માણ શક્ય છે. અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર બંને એક જ માતાના જોડિયા બાળકો છે. ભગવાન બુદ્ધની કરુણા અને ભગવાન મહાવીરની અહિંસાની ફિલસૂફી દ્વારા બતાવેલ માર્ગ દ્વારા જ વિશ્વમાં શાંતિ અને સદભાવની સ્થાપના કરી શકાય છે. જૈન અને બૌદ્ધ બંને ધર્મમાં અહિંસા, દયા, પ્રેમ, ક્ષમા વગેરે જેવા માનવતાવાદી ગુણોનું મહત્વ છે, જેની વર્તમાન સમયમાં વધુ જરૂર છે. ડ્રેપુંગ ગોમાંગ મઠના પ્રતિષ્ઠિત કુંડેલિંગ તત્સક રિનપોચેએ ભગવાન બુદ્ધના વિશેષ ઉપદેશોનો સારાંશ આપતાં જણાવ્યું હતું કે આ દુનિયામાં કોઈ પણ વ્યક્તિ દુઃખી થવા માંગતો નથી અને કોઈ સુખથી વંચિત રહેવા માંગતો નથી, જેના કારણે માણસ અસંતોષમાં ડૂબી જાય છે. ક્યારેય દુઃખનું કારણ શું છે તે શોધવાનો પ્રયાસ કરતો નથી. આ માટે ભગવાન બુદ્ધે કહ્યું હતું કે દુઃખનું મૂળ અજ્ઞાન છે, જેના વિના માણસ સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી.


## નાગપુરમાં લેબર-૨૦ની બેઠક, અનિયમિત કામદારોને સામાજિક સુરક્ષા આપવા પર ચર્ચા કરવામાં આવી



નાગપુર, ૧૨ મેઃ નાગપુરમાં ભારતીય મજૂર સંઘ (BMS) એ ગુરુવારે હોટેલ તુલી ઈન્ટરનેશનલ ખાતે ૪૨૦ પહેલ હેઠળ લેબર-૨૦ મીટિંગ (L-20) નું આયોજન કર્યું હતું. L-20 કોન્ફરન્સનું ઉદઘાટન ભારત સરકારના શ્રમ અને રોજગાર સચિવ આરતી આહુજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મહારાષ્ટ્ર સરકારના શ્રમ મંત્રી સુરેશ ખાડે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં સામાજિક સુરક્ષા માટે ધિરાણ, કામદારોનું આંતરરાષ્ટ્રીય સ્થળાંતર, સામાજિક સુરક્ષા ભંડોળની સુગમતા અને ક્ષિતિજોને વિસ્તૃત કરવા જેવા ત્રણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેનો હેતુ તમામ અનિયમિત કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવાનો છે. આ પ્રસંગે એલઆઈસી ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને બીએમએસના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી બી. સુરેન્દ્રને કહ્યું કે કોઈ વ્યક્તિ ગમે તેટલી કમાણી કરે, એક હજાર રૂપિયા મહિને કે એક લાખ રૂપિયા, આપણે બધા મજૂરો છીએ અને જો આપણે જાગૃત ન હોઈએ તો સમાન રીતે ઉત્પીડનનો ભોગ બની શકીએ છીએ. નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો વિના કામના ભવિષ્યની આપણે કેવી રીતે કલ્પના કરી શકીએ? લેબર ૨૦ એ G-20 માં કામદારોના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. તે G-20 દેશોના ટ્રેડ યુનિયનો અને વૈશ્વિક ફેડરેશનને એક કરે છે. ૧૯ અને ૨૦ માર્ચે અમૃતસરમાં આયોજિત ઈન્સેપ્શન મીટિંગથી શરૂ કરીને દેશભરમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. આ કાર્યક્રમ હેઠળ, દેશભરમાં લગભગ ૧,૦૦૦ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. BMSના જનરલ સેક્રેટરી રવીન્દ્ર હિમટે અને લંડનની યુનિવર્સિટી ઓફ બાથના વિઝિટિંગ પ્રોફેસર સંતોષ મેહરોત્રા કોન્ફરન્સ દરમિયાન અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, AITUC, CITU, રેલવે, LIC વગેરે જેવા મુખ્ય ટ્રેડ યુનિયનો સહિત નોકરીદાતાઓ, કર્મચારીઓ અને સરકારી સંસ્થાઓના ૧૦૦ થી વધુ પ્રતિનિધિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના અણઘડ વહીવટને કારણે વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે થઈ રહ્યાં છે ચેડાં

મે મહિનાનો સુર્ય આગ ઓકી રહ્યો છે ત્યારે હાલમાં સમગ્ર રાજ્યમાં શાળા તેમજ કોલેજોમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ કોમન એકેડેમીક કેલેન્ડર મુજબ રાજ્યની તમામ શાળા અને કોલેજોમાં ૧લી મે ૨૦૨૩ થી ઉનાળુ વેકેશન શરૂ થયેલ છે. ઉનાળાના આ ધોમધખતા તાપને કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકોના વ્યાપક હિતોને ધ્યાનમાં લઈ વેકેશન આપવામાં આવે છે. પરંતુ તેનાથી વિપરીત રાજયની ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોલેજો કે જે જીટીયુ સાથે સંલગ્ન છે તેમાં તમામ સેમેસ્ટરનું શૈક્ષણિક કાર્ય ચાલુ છે, જેના લીધે હજારો વિદ્યાર્થીઓની હાલાકી અંગે રાજ્ય સરકારનું ધ્યાન દોરતા એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રિય સંયોજકશ્રી ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, જીટીયુ દ્વારા સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૬ માટે બેકી સત્ર શરૂ તેમજ પૂર્ણ થવાની તારીખ અલગ અલગ રાખવામાં આવી છે. આ સંજોગોમાં શૈક્ષણિક સત્ર ચાલુ હોઇ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આવા ધોમધખતા તાપમાં જ્યારે ઓરેન્જ એલર્ટ જાહેર થયું હોય ત્યારે પણ શૈક્ષણિક કાર્ય અર્થે સંસ્થાઓમાં જવા માટે મજબૂર થઈ ગયા છે. જીટીયુના સત્તાધીશોના અણઘડ વહીવટના પરિણામે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. કોમન એકેડેમીક કેલેન્ડર મુજબ જો તમામ સત્ર એક સાથે શરૂ તેમજ પૂર્ણ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વેકેશન મળી રહે. આમ થવાથી ઘણી વહીવટી સમસ્યાઓથી પણ નિવારી શકાય. પરંતુ જીટીયુના સત્તાધીશોના અવ્યવહારુ અભિગમના કારણે દરેક સેમેસ્ટર અલગ અલગ સમયે શરૂ થાય અને તે મુજબ અલગ અલગ સમયે પૂરુ થાય છે જેના પરિણામે હાલમાં ચાલી રહેલ ઉનાળુ વેકેશનમાં પણ ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ના છૂટકે સંસ્થા ખાતે જવું પડે છે. શૈક્ષણિક સત્ર એક સાથે શરૂ તેમજ પૂરું કરવા બાબતે ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ અધ્યાપક મંડળ દ્વારા જીટીયુના સત્તાધીશોને રજૂઆત પણ કરવામાં આવી છે તેમ છતાં જીટીયુના સત્તાધીશો આ બાબતને ધ્યાનમાં લીધા વગર જ એકેડમી કેલેન્ડર જાહેર કરતા હોય છે અને જેનો ભોગ વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને બનવું પડતું હોય છે. ઈજનેરી કોલેજોમાં સેમેસ્ટર-૮ માટે પરીક્ષાની તારીખ હજી સુધી જાહેર થઈ નથી. સેમેસ્ટર-૮ની પરીક્ષા મોડી થાય એવા સંજોગોમાં વિદ્યાર્થીઓનું પરિણામ પણ મોડું જાહેર થાય અને તેથી રાજયના હજારો વિદ્યાર્થીઓને નોકરીમાં જોડાવામાં વિલંબ થાય. આવા વિલંબને કારણે જેઓને કેમ્પસ પ્લેસમેંટ દ્વારા નોકરી મળી ગઈ છે તેવા વિદ્યાર્થીઓને થતા આર્થિક નુકસાન માટે જવાબદાર પણ જીટીયુના અણઘડ વહીવટને જ ગણાવી શકાય. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને હજુ પણ જોબ લેવાની બાકી હોય તેઓને અન્ય યુનિવર્સિટી ના વિધાર્થીઓની સાપેક્ષમાં રોજગારીની ઓછી તક સાંપડવા સંભવ છે. ઉચ્ચ અભ્યાસ અર્થે જનાર વિધાર્થીઓએને પણ સારી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા બાબતે મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે.



The Warrior-Sports Club of Rai University organized the two-day "Run Bhoomi" event, featuring throwing, running, and jumping competitions. The event was a great success, with participants from various schools showcased their athletic abilities. The competitions fiercely contested, and the winners were awarded medals and certificates. This event helped to inculcate qualities like Team Spirit, Discipline, Sportsmanship and Hardwork.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતા
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વૈષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.
તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ : ૨૦-૫-૨૦૨૩
-: આયોજક :-
લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૭૬૬, ૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

**14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી**




**"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "**



''હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?
મને દુઃખી દેખી, દુઃખી કોણ થાતું,
મહા હેતવાળી દયાળી જ મા તું.''
- દલપતરામ

'મા' આ એક શબ્દમાં સમગ્ર વિશ્વ સમાઈ જાય. મા, માતા, જનની, આઈ, અમ્મી, મોમ...કોઈ પણ બોલીમાં બોલીએ પણ મા એટલે પ્રેમ, કરુણા, મમતા, વાત્સલ્ય..... જેનો કોઈ પર્યાય નથી. તેથી જ તો કહ્યું છે, ઈશ્વર દરેક વખતે દરેક જગ્યાએ નથી પહોંચી શકતો એટલે એણે માતાનું સર્જન કર્યું. બાળપણમાં એક દૂધવાળી ભરવાડણની વાર્તા આવતી. તે જ્યારે દૂધ વેચીને પાછી ફરી ત્યારે નગરમાં પ્રવેશવાનો દ્વાર બંધ થઈ જાય છે. એણે દ્વારપાલને ઘણી વિનંતી કરી છતાંય એણે કહ્યું, 'હુકમ એટલે હુકમ.' અને દરવાજો ન ખોલ્યો. ત્યારે તે, પોતાનાં નાનાં બાળ માટે જીવની પરવા કર્યા વિના જંગલનાં મારગે ઘરે પહોંચી ગઈ! તેથી જ તો કહ્યું છે ને, 'મા તે મા, બીજાં બધાં વનવગડાના વા.' મા પોતાનાં સંતાન માટે સમગ્ર વિશ્વ સામે લડી શકે છે. યુગ કોઈ પણ હોય માવડીનાં પ્રેમની ધારા ગંગાના પ્રવાહની જેમ સતત વહેતી રહે છે. આધુનિક યુગમાં દરેક મોમ સુપરમોમ છે. સંતાનોની સાથે તે પણ દરેક દોડમાં સામેલ છે. પોતાનાં વહાલસોયા દુનિયાની દોડમાં પાછળ રહી ન જાય એ માટે તે પણ સમયના ઘોડા પર સવાર જ રહે છે.


ભારતીય સંસ્કૃતિમાં બાળકોને ગળથૂથીમાં અને હાલરડાંમાં પણ વીરરસ પાવામાં આવતો હોય છે. આપણાં બાળક સિંહનાં મોંનાં દાંત ગણે એ કોની કેળવણી?માની જ ને! આપણે તો નદીને, ગાયને પણ માતા સ્વરૂપે પૂજનારા દેશનાં વારસ છીએ. મનુષ્યમાં જ નહીં પ્રાણીજગતમાં પણ મા તેમનાં બચ્ચાંઓનું ખૂબ જ ધ્યાન રાખે છે. ગાયને જ્યારે વાછરડું જન્મે છે ત્યારે તે ખૂબ જ ચીકણા પ્રવાહીથી લપેટાયેલું હોય છે. પરંતુ મા-ગાય પોતાની જીભ વડે ચાટીને તેને એકદમ સ્વચ્છ કરે છે. એવી જ રીતે કૂતરી એનાં તાજાં જન્મેલા ગલૂડિયાં પાસે કોઈને પણ ફરકવા નથી દેતી. દરેક માદા મા પોતાનાં નવજાત શિશુનું ખૂબ જ ધ્યાન રાખે છે. અહીં એક વાત કહેવાનું મન થાય છે; આપણે જેટલો આદર, પ્રેમ માના સ્થાનને આપીએ છીએ એટલું મહત્વ શું માને આપીએ છીએ? એક સ્ત્રી જ્યારે મા બને છે ત્યારે બીજીવાર એનો જન્મ થાય છે. એ બાળક માટે બધું જ કરી છૂટે છે,છતાંય એનાં સ્થાન-માનમાં કંઈ ફેરફાર થતો નથી

કવિ બોટાદકરે સાચું જ ગાયું છે, 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...'

**-ડૉ. રેખા શાહ (મોરબી)**

---

## ''મા''



યાદેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ

શાસ્ત્રો,ઋષિઓ, દેવો જેનાં ગુણ ગાતા થાકતાં નથી તે માતા મંદિરની હોય કે જન્મ દેનારી, હંમેશા પૂજનીય છે, વંદનીય છે. જે પોષણ કરે તે મા.(૧) જન્મ દેનારી મા (૨) ધરતીમાતા (૩)લોકમાતા નદી (૪)ગાય માતા (૫)પ્રકૃતિ માતા.. આ બધી માતાઓ વાર તહેવારે પૂજાય છે.

કવિઓ પણ માતાનાં ગુણલાં ગાતા ધરાતા નથી.

મીઠાં મધુર, મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી છે મોરી માત રે જનની ની જોડ સખી નહીં મળે રે લોલ

કવિ બોટાદકર

હતો હું સૂતો પારણે, પુત્ર નાનો રડું તો, રાખતું કોણ છાનો

મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ? મહા હેતવાળી દયાળી જ મા તું..

કવિ દલપતરામ

શાસ્ત્રો કહે છે, 'જો બાળક દરિદ્ર થાય તો તેનાં નસીબનો વાંક, બુદ્ધિહીન થાય તો પિતાનો વાંક, પણ બાળક સંસ્કાર હીન થશે તો માતાનો વાંક ગણાશે .'

એટલે જ તો સો શિક્ષક બરાબર એક માતા કહેવાય છે.નાનપણમાં વાર્તા સાંભળી હતી. એક બાળક નિશાળેથી પેન્સિલ ચોરી આવે છે. માતા તેને ચોરી કરતાં અટકાવતી નથી ને આ બાળક અઠંગ ચોર બંને છે. આ રીતે બાળકનાં ઘડતરમાં માતાનો અગત્યનો ફાળો છે.શિવાજી મહારાજ, અબ્દુલ કલામ, આજનાં આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી. દરેકમાં માતાનાં સંસ્કારનું સિંચન દેખાય છે. અરે ભગવાને પણ વિચાર્યું કે તેનાથી બધી જગ્યાએ નહી પહોંચાય એટલે જ માતાનું સર્જન કર્યું. 'ગોળવિના મોળો કંસાર ,મા વિના સૂનો સંસાર ' માનું મહત્વ સમજાવી જાય છે.બાળક પહેલાં 'મા' શબ્દ જ બોલતાં શીખે છે, એટલે જ આપણી બોલચાલની ભાષાને આપણે માતૃભાષા કહીએ છીએ. એમ કહેવાય છે કે, 'ઘોડીએ ચડનાર બાપ મરજો પણ દળણાં દળનાર મા કોઈની ના મરશો'. આ બધું માનું મહત્વ સમજાવે છે.નિઃ સ્વાર્થ પ્રેમ એટલે મા.' મા એ મા બીજા વગડાનાં વા'દુખમાં મા જ સાંભરે ઠોકર વાગે એટલે 'ઓ મા' નો ઉદ્ગાર જ નીકળે છે. જન્મ દેનારી માને જો સાચવી હશે તો મંદિરની માની પૂજા કરવાની જરૂર નહીં પડે. એનાં આશીર્વાદ આપોઆપ મળી જશે.'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી' એવી જનેતા તો આપણાં લોહીનાં બૂંદબૂંદમાં સમાયેલી છે. એનું ઋણ ક્યારેય, કોઈ ચૂકવી શકવા સમર્થ નથી. શબ્દો ઓછાં પડે ,કલમ ટૂંકી પડે. આજનાં માતૃદિન નિમિત્તે તને યાદ કરવું પૂરતું નથી. સદાય સ્મૃતિમાં સમાયેલી જ છો. એક ભાવાંજલિ આપીને કોટીકોટી વંદન કરૂં છું, મા તને પ્રણામ .

' માતૃદેવો ભવ'

**-સુધા પુરોહીત (અમદાવાદ)**

---

મા કહેતાં જ હૈયે ટાઢક થાય એ મમતાળી મા ,ઈશ્વર પણ થાક્યો સર્જેન કરી ત્યારે એણે ધરતી પર મોકલી મા શું.



કવિ કાગ કહે છે..

મોઢે બોલું મા , સાચેય નાનક સાંભળે;
મોટપની મજા , મને કડવી લાગે કાગડા !
ભગવત તો ભજતાં , માહેશ્વર આવી મળે ;
મળે ન એક જ મા ,કોઈ ઉપાયે કાગડા !

- કહે છે કે જો મોઢે કાલું બોલું ને માનું નામ લેવું તો મને એ નાનપણ સાંભરે છે. આ જગતમાં મોટો થયો એની મજા પણ મને કડવી લાગે છે . એટલે જ કહેવાય, 'મા તે મા બીજા બધાં વગડાના વા .' હું ભણતો ત્યારે એક પાઠમાં વાક્ય આવતું કે ઘોડે ચડેલ બાપ મર જો ,પણ મા ના મરજો . માનાં ગુણ તો આ જગતમાં વિધાતા પણ નથી ગાઈ શકતા ,એની કલમ ને એનાં પાનાં પણ ઓછાં પડે . જગતનો નાથને પણ માની મમતા પામવા માના ઉદરમાં આવી માનવ થવું પડ્યું ,એને અવતાર લેવો પડ્યો . ભલે જગત માટે એ કૃષ્ણ થઈ પૂજાતો કે ઈશ્વર કહેવાતો પણ જશોદા માટે તો એ જ કાનો .

એટલે જ કહેવાનું મન થાય કે.. . જગતના તાપ જ્યાં શમી જાય ,જગતનો નાથ મમતા પામવા , જન્મ લેતો એનાં ઉદરમાં, એવી જનની જગતમાં જે ઈશ્વર જગત તણો.

એટલે કહેવાનું મન થાય.. આખી ધરતી કાગળ કરું, ને કરું લખવા કલમ બધી વનરાઈ, સાત સમુદ્રની શાહી કરું, મા તારાં ગુણ લખ્યાં ન જાય!

મા તારાં ગુણ લખતાં તો વિધાતા પણ અટકી જાય . એવાં શબ્દો પણ નથી એટલે કહેવાનું મન થાય કે આ દેહમાં વહેતાં રક્તપ્રવાહનું એક એક બૂંદ પણ તારું ઋણી છે. ભલે ઘણાં જન્મ લઉં તો પણ એ ઋણ ચૂકવી નહીં શકું . એવી છે તું જગતતણી એ ઈશ્વરને પણ તારે ખોળે આવવા સ્વર્ગ છોડી આવવું પડે . એવી જગતની જનેતા છે તું મા .

મા, તારાં વિના જગત લાગે સૂનકાર ,
તું જ છે આ જગત તણો ધબકાર.

એટલે કહેવાય છે કે જનનીની જોડ સખી નહીં મળે રે લોલ .

તારાં માટે એક દિવસ નહીં પણ અનેક જન્મો ને દરેક દિવસ તારો જ છે. એવા તારાં જગતમાં ઉપકાર છે મા.

**-પ્રકાશ એમ સોલંકી (પાટણ)**

---



પ્રેમનું અસલી સરનામું-મા.

પ્રભુની પ્રતિનિધિ-મા મા!માતા!માડી!માવડી! જનની!જનેતા!

મા શબ્દ નહીં શબ્દતીર્થ છે.મા શબ્દમાં મહાકાવ્ય છુપાયેલું છે.શબ્દકોશમાં માનો શબ્દાર્થ મળશે પણ માનો ભાવાર્થ તો હૃદયમાં મળશે.મા કોરો શબ્દ નથી,

એક અનુભૂતિ છે.કોઈ સમર્થ કવિ,લેખક,ચિંતક પણ માને શબ્દોમાં સમાવી શકતો નથી.ઈશ્વરે પોતાની પ્રતિનિધિ તરીકે માનું સર્જન કર્યુ.ઈશ્વરને પણ જન્મ લેવા માની જરૂર પડે છે.વેદમંત્રોમાં માતૃદેવો ભવઃ પ્રથમ લખાયું છે.

માની કુખમાં નવ માસ રહ્યા પછી જેનો જન્મ થાય તે મા-નવ! Mother માંથી માનાં નામનો મ કાઢી નાંખો તો બીજા બધાં Other.

નિરપેક્ષ,નિઃસ્વાર્થ પ્રેમદાતા મા જન્મદાત્રી,પોષણદાત્રી
સંસ્કારદાત્રી છે.મમતામૂર્તિ કરુણામૂર્તિ,વાત્સલ્યમૂર્તિ,
ત્યાગમૂર્તિ,સેવામૂર્તિ માતા સમર્પણની વિરલ સંહિતા!

એનું બલિદાન તો જુઓ!પ્રસવની પીડા પોતે વેઠી બાળકને જન્મ આપે છતાં સંતાનનાં નામ પાછળ પિતાનું નામ લખાવે છે. દેહમાંથી દેહ આપે અને લોહીમાંથી દૂધ બનાવે તે મા!સંતાનનાં ઉછેરમાં પોતાના સમગ્ર અસ્તિત્વને ભુલાવી દે છે.

મમતાનું ખાતર,હૂંફની હવા લાગણીનાં પિયુષ,સ્નેહનાં સૂર્યપ્રકાશ દ્વારા ત્યાગની ભૂમિ પર સંતાનનાં જીવન પરિમલને મહેંકાવનાર માળીને સ્વેચ્છાઓનું ભાન ક્યાં હોય છે? આદર્શ શિક્ષિકા,જીવન માર્ગદર્શિકા,શિશુસંસ્કાર પ્રહરી,વાત્સલ્યની વીરડી,

ત્યાગની તપોભૂમિ,પ્રેમનું સાકાર સ્વરૂપ,લાગણીનો સ્વયં પર્યાય,ક્ષમાભાવની સૂરત,સહનશીલતાની મૂરત,કરૂણાનો મહાસાગર અને મમતાનો મહેરામણ!

મા એટલે શિયાળામાં હૂંફ આપતું સ્વેટર,ઉનાળામાં ઠંડક આપતું એરકન્ડિશન, ચોમાસામાં રક્ષણ આપતો રેઈનકોટ,દુઃખનું ફિલ્ટર, સુખનું પોસ્ટર,અંધકારમાં ઉજાસ,મુંઝવણમાં માર્ગ,

સમસ્યામાં સમાધાન, જીવન સંગ્રામમાં ઢાલ,
જીવનપથનો માઈલસ્ટોન, હરતીફરતી યુનિવર્સિટી!
નારીનો ત્યાગ,ગાંધીજીની સેવા,મહાવીરની અહિંસા,
બુદ્ધની કરૂણા,ઈસુનો પ્રેમ, આનો સમન્વય એટલે મા! નારીનું વંદનીય સ્વરૂપ છે.

માનાં ઉપદેશ આગળ જગતનાં જ્ઞાનભંડાર પણ નકામા છે.માનો ખોળામાં ઈન્દ્રાસનનું સુખ લાગે છે.

માથા પર ફરતો માનો હાથ
જાણે કુબેરનો વૈભવ!

માનો દેહ નહોય ત્યારે તેનું વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે.માનાં દૂધની કિંમત રૂપિયામાં અંકાતી નથી,માનાં આંસુની ગણત્રી કોમ્પ્યુટરમાં થતી નથી.તેથીજ કહેવાય છે, ઈશ્વર પણ માનું ઋણ ચુકવવા અસમર્થ છે. સદીઓ,સંસ્કૃતિ,સમાજ બદલાય પરંતુ માનું સ્થાન, ભૂમિકા બદલાતી નથી. માનો મહામૂલો સંબંધ વયની સાથે વધતો,ઘટતો કે મરતો નથી.

બધી ઉપાધિ લાગશે ટળવા માનો હાથ મસ્તકે લાગશે ફરવા.

સ્નેહવારિથી ભરેલી માની આંખોમાં ખારા પાણી ના આવે એટલુંજ કરી શકાય તોય થાય ઋણસ્વીકાર! મા જબ નહીં હોતી તો દુઆ દેનેવાલા કોઈ નહીં હોતા ઔર બાપ જબ નહીં હોતા તો હૌંસલા દેનેવાલા કોઈ નહીં હોતા.

મા માટે હું શું લખું?માએ મને લખી છે.એટલું જરૂર કહીશ-આ જગતમાં સાચા પ્રેમ અને હૂંફનું અસલી સરનામું એટલે મા!પ્રભુની પ્રતિનિધિ મા!

**-નયના ઠક્કર ''પ્યાસી''(વડોદરા)**

---



સુરત પાસે સાયણ જન્મભૂમિ, કઠોર ધર્મભૂમિ ને દમણ કર્મભૂમિનો ત્રિવેણી સંગમ નું જીવન. 'માંડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો' , હા, મારી માતા ની પ્રભાત સૂરજદાદા ની સંગતે. મૂલ્યવાન જીવન જન્મ આપી મારા માટે મારી મા બહુમૂલ્ય. નાની નાની વાત, બાબત ને વળાંક આપી ફરી સમજાવે તે અણમોલ છે મારા માટે. બાળપણ માં હું આગળ ઝૂકી ને અર્થાત્ ખૂંધી ચાલતી હતી ત્યારે પાછળ પીઠ પર ઢીક ઝીંકી ને કહેતી સીધી ચાલ... આજે ટટ્ટાર ચાલું છું. એક સાથે અનેક કામ કેવી રીતે કરાય તે સૂઝ આપનાર માતાને શ્વસી રહી છું. મારી સખી, મારી સલાહકાર, માર્ગદર્શન આપનાર પથદર્શક. મનની વાત કહ્યા વિના સમજાવી શકું તે મારી સખા. મારા હૂંફ ની સાગર ' મા '. મારું પીઠબળ, મનોબળ એટલે 'મા'. કહેવાય કે, ૧૦૦ શિક્ષક બરાબર ૧ માતા. પરંતુ મારા બાળમંદિર ના શિક્ષિકા મારી માતા જ હતાં. ૧૦૦ શિક્ષક ની ગરજ ૧ માતા સારતા હો ત્યારે માતા અને શિક્ષક ની બેવડી ભૂમિકા મારા જીવનમાં મેઘધનુષ ના રંગ સમાન છે.

ગર્ભ ને નાડી સાથે ને જોડતી ક્રિયા. નારી ની જીવન યાત્રા નું અણમોલ વરદાન માતા. જાણે ઈશ્વરીય પ્રસાદ. ઘર ને વર જોડવાની તક. ઉંબર થી ઉમરા સુધી, પારણાં થી પાનેતર સુધી ની જીવન શૈલી નું નજરાણું 'મા'. કૂણાં કૂણાં સોણલાં ને જાણે સાગર ના છીપ મોતી સમાન સાચવણી. બાળ ઉછેર ની બારાખડી માં ગીત, સંગીત, વાર્તા, કહેવત, ઉખાણાં, ફટાણાં થી સજ્જ કરી દે. ઈતિહાસ બાહ્ય જગત નો, પણ, ભૂગોળ ઘર ની. અર્થશાસ્ત્ર મુખ પર, વ્યવહાર ને ડોશીમા નું વૈદ્ય હાથવગુ રાખતી માતા ને નિહાળવાની લિજ્જત છે. પરીક્ષા સમયે નર્વસ થઈ જતી ત્યારે સાહસિક વાત નો પાનો ચઢાવે. નસીબદાર હુ, ઈશ્વર ની સદૈવ ઋણી રહીશ કે, દમણ નિવાસી માતા પ્રભા એ અંગત જીવન ના ૫૫ થી વધુ વર્ષ સેવાકીય પ્રવૃત્તિમાં ગાળતાં બાળકોને સામાજિક સન્માન આપ્યું. સરકાર દ્વારા પદ્મ શ્રી એવોર્ડ ૨૦૨૨ નો પ્રાપ્ત કર્યો. ૯૨ માં વર્ષે સન્માન પામી, ૯૩ માં વર્ષે કોઈ ની પણ સેવા લેવી ન પડે તેવું જીવન આટોપી લીધું.

જીવી શકું તમ સમી,
ખુદ્દારી, ખુમારી ને ખંતથી.

પ્રેરણાદાયી ચક્ષુદાતા મમ્મી ખાના ખજાના માં માહીર. આજે હુ માતા છું ત્યારે મારી દીકરી ને ઉત્તમ આપવાની કોશિશ કરી મમ્મી ને સ્મરણાંજલિ માં સમાવું છું.

**-કિરણ સખી (અમદાવાદ)**

---

## મા



યાદેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ

શાસ્ત્રો,ઋષિઓ, દેવો જેનાં ગુણ ગાતા થાકતાં નથી.તે માતા મંદિરની હોય કે જન્મ દેનારી હંમેશા પૂજનીય છે, વંદનીય છે.જે પોષણ કરે તે મા.(૧) જન્મદેનારી મા (૨) ધરતીમાતા (૩)લોકમાતા નદી (૪)ગાય માતા (૫)પ્રકૃતિ માતા આ બધી માતાઓ વારતહેવારે પૂજાય છે.

કવિઓ પણ માતાનાં ગુણલા ગાતાં ધરાતાં નથી.

મીઠાં મધુર, મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી છે મોરી માત રે જનની ની જોડ સખી નહીં મળે રે લોલ -કવિ બોટાદકર

હતો હું સૂતો પારણે, પુત્ર નાનો રડું તો, રાખતું કોણ છાનો

મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ? મહાહેતવાળી દયાળી જ મા તું

કવિ દલપતરામ

શાસ્ત્રો કહે છે'' જો બાળક દરિદ્ર થાય તો તેનાં નસીબનો વાંક, બુધ્ધિહીન થાય તો પિતાનો વાંક, પણ બાળક સંસ્કાર હીન થશે તો માતાનો વાંક ગણાશે '' એટલે જ તો સો શિક્ષક બરાબર એક માતા કહેવાય છે.

નાનપણમાં એક વાર્તા સાંભળી હતી. એક બાળક નિશાળેથી પેન્સિલ ચોરી આવે છે. માતા તેને ચોરી કરતાં અટકાવતી નથી ને આ બાળક અઠંગ ચોર બંને છે. આ રીતે બાળકનાં ઘડતરમાં માતાનો અગત્યનો ફાળો છે.શિવાજી મહારાજ, અબ્દુલકલામ, આજનાં આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી. દરેકમાં માતાનાં સંસ્કારનું સિંચન દેખાય છે. અરે ભગવાને પણ વિચાર્યું કે તેનાથી બધી જગ્યાએ નહીં પહોંચાય એટલે જ માતાનું સર્જન કર્યું. 'ગોળવિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર ' માનું મહત્વ સમજાવી જાય છે.બાળક પહેલાં 'મા' શબ્દ જ બોલતાં શીખે છે એટલે જ આપણી બોલચાલની ભાષાને આપણે માતૃભાષા કહીએ છીએ. કહેવાય છે કે ઘોડીએ ચડનાર બાપ મરજો પણ દળણાં દળનાર મા કોઈની ના મરશો.. આ બધું મા નું મહત્વ સમજાવે છે.

નિઃ સ્વાર્થ પ્રેમ એટલે મા.'મા એ મા બીજાં બધાં વગડાનાં વા !' દુઃખમાં મા જ સાંભરે ઠોકર વાગે એટલે ''ઓ મા'' નો ઉદ્ગાર જ નીકળે છે.

જન્મ દેનારી માને જો સાચવી હશે તો મંદિરની માની પૂજા કરવાની જરૂર નહીં પડે. એનાં આશીર્વાદ આપોઆપ મળી જશે.'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ ,'એવી જનેતા તો આપણાં લોહીનાં બુંદબુંદમાં સમાયેલી છે. એ ઋણ ક્યારેય, કોઈ ચૂકવી શકવાં સમર્થ નથી. શબ્દો ઓછા પડે કલમ ટૂંકી પડે.

આજનાં માતૃદિન નિમિત્તે તને યાદ કરવું પૂરતું નથી. સદાય સ્મૃતિમાં સમાયેલી જ છો.આ એક ભાવાંજલિ આપીને કોટીકોટી વંદન કરૂં છું, મા તને પ્રણામ.

'માતૃદેવો ભવ'

**-સુધા પુરોહિત (અમદાવાદ)**

---



'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'

આ પંક્તિમાં કવિશ્રી બોટાદકરે ખરેખર સુંદર લખ્યું છે, મા એ એવું વ્યક્તિત્વ છે જેની સરખામણી બીજા કોઈ સાથે કરવી અશક્ય છે. ધરતી પર જન્મ લેવા માટે ભગવાનને પણ માતાના ગર્ભમાં રહેવાની ફરજ પડી હતી.

મળી નહીં હરને મા તેથી પરમેશ્વર પશુ થયો,
જાયો જસોદા નંદ કેરો કૃષ્ણ કહેવાયો
મા એ વાત્સલ્યમૂર્તિ છે,

બાળકને જન્મના નવ મહિના પહેલાથી જ ઓળખનાર એકમાત્ર વ્યકિત તે મા છે.

મા પોતે ભણેલી, અભણ, ધનિક કે ગરીબ હોય પોતાના સંતાનોને શ્રેષ્ઠ આપવા માટે પ્રયત્નશીલ હોય છે. સંતાન કોઈ ખોડ ખાંપણવાળું કે અપંગ હોય તો પણ 'મા'નો પ્રેમ તેના સંતાનો માટે એકસમાન છે. મા પોતાના નવજાત શિશુના રડવાથી સમજી જાય છે કે, બાળક ને શું જોઈએ છે. પોતાના સંતાનોના હસતા ચેહરા જોઈ મા પોતાની તકલીફો ભૂલી જાય છે. શિવાજી, મોદીજી જેવા મહાન વ્યકિતત્વના જીવન ઘડતરમાં તેમની માતાનો ફાળો છે. આ સૃષ્ટિમા 'મા'નું સ્થાન અનેરું છે. પશુ-પક્ષીઓમાં પણ માતૃપ્રેમ અપાર જોવા મળે છે.

'આખો સમુદ્ર નાનો લાગે જયારે 'મ' અક્ષરને કાનો લાગે'

આમ, મા વિષે સુંદર કૃતિઓ-કવિતાઓ લખાઈ છે, માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પરંતુ વિશ્વની દરેક ભાષામા. ભારતીય સંસ્કૃતિમાં તો 'માતૃદેવો ભવઃ' કહેવામાં આવ્યું છે. આજ હું મા વિષય પર વાત કરું છુ ત્યારે વર્તમાન સંજોગો મુજબ મારા મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે, મા બાળકને સારી વ્યકિત બનાવે છે તેને ઉચ્ચ શિક્ષણ અપાવે છે તો શું માતા બાળક ના મનની વાત સમજી ન શકે ? અત્યારે મોટાભાગની માતાઓ એમ ઈચ્છે કે, તેનું સંતાન લોકોને મોભાદાર લાગે તેવું જીવન જીવે. આમ, તે અજાણતાં જ પોતાના બાળકને આડંબર ભરી જીવનશૈલી જીવતા શીખવાડે છે, શું આ યોગ્ય છે ? બાળક ઉચ્ચ સ્થાને જ રહે, તે માટે અનેક વર્ગો કરાવે છે, એ જોયા વગર કે તેનાં બાળકને શેમાં રુચી છે, આમ કરવા જતા ક્યારેક બાળકો માનસિક તણાવના ભોગ બની જાય છે. પરિણામે અમુક નબળા મનના આત્મહત્યા કરવાનું પગલું ભરી લે છે તો કોઈ ગેરમાર્ગે દોરવાઈ જતા હોય છે. અત્યારના સમયમાં દરેક માતાએ આ વિષે વિચારવું જોઈએ, જેથી મા પોતાની મમતા અને સૂઝ દ્વારા ગેરમાર્ગે જતા સંતાનોને રોકી શકે. કહેવાય છે કે....

'મા એટલેકે દુનિયાભરનાં દુઃખોને જમાં કરતી એકમાત્ર બેંક'

**-ખ્યાતિ પંડ્યા દવે. (ભુજ-કચ્છ)**

---



'મા' તારા ગુણલા શું ગાઉં !
તું તો દેવોને પણ દુર્લભ છે.

સમસ્ત સંસારમાં જીવોનું અસ્તિત્વ હજારો વર્ષોથી પ્રવર્તમાન છે. આ બધા જ જીવોનો ઉદ્ભવ માતાના ઉદરમાં થયેલો છે. માતા માટે સંસારમાં લેખકો , કવિઓએ ખૂબ ગુણલા ગાયા છે. પરંતુ , એમનું લેખન કૌશલ્ય પણ એની મમતાને કાગળ પર પુરે પૂરી ના ઉતારી શકે. સમસ્ત દુનિયામાં જીવોમાં બે ભાગ પડે છે એક નર અને બીજો માદા, દરેક જીવો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથામણ કરે છે આ અસ્તિત્વની લડાઈમાં સૌથી મોટો રોલ કોઈ હોય તો એ માતાનો છે. સંસારમાં નજર કરીએ ત્યારે પક્ષીઓ , પ્રાણીઓ , જીવજંતુઓ દરેકની ઉત્પતિ અને જીવનનો આધાર માતા બને છે. માતાની મમતાનો સ્નેહ કેવો હોય ! એ મે ફળિયાની રખડતી એક માદા શ્વાનમાં જોયું, સાવ ભૂખી રહી પોતના શરીરની ચિંતા કર્યાં વગર કોઈ પણ સ્વાર્થ વગર એ એના ગલૂડિયાંને કેવા સાચવે છે ! આવો જ બીજો સ્નેહ મે પક્ષીઓમાં જોયો. હું અમદાવાદ રહું છું. અઠવાડિયે એકવાર ગામડે આવવાનું થાય. મારા ઘર આગળ બોરસલ્લીનું ઘટાદાર વૃક્ષ છે. જેમાં હોલાનો માળો હતો. વધારે પવનને કારણે માળો વિખાઈને બે નાના બચ્ચા નીચે પડ્યા હતા. મારી નજર ત્યાં પડી ત્યારે મારો જીવ એ તરફ દોડ્યો. મે જોયુ તો હોલી દૂર લાચાર નિ સહાય થઈ ત્યાં ઉપર જ બેઠી હતી. નીચે આવે અને ઉપર જાય. મે માળો સરખો કર્યો . એક બચ્ચું જીવતું હતું મે માળામાં મૂક્યું. એક કલાક પછી જોયું તો એ ત્યાં એના બચ્ચા જોડે જ બેઠી હતી. ના ખાવાની ચિંતા કે ના કોઈ સ્વાર્થ ! આ છે માતાની મમતા ! જ્યારે રાત પડી ત્યારે મારા બેડરૂમમાં પત્નીએ એ. સી ચાલુ કર્યું. હવે અહી બહુ દિવસે આવેલા. એકદમ જબરજસ્ત અવાજ થયો મને બોલાવ્યો અમે બારણું ખોલી જોયું તો કબૂતર દ્વારા એ.સી ના કોમ્પ્રેસર ની જાળી તોડી અંદર બચ્ચા મૂક્યા હતા. પંખો ચાલુ થયો ત્યારે એ પંખાની હડફેટે કબુતરી આવી ગયેલી. મને ચિંતા થઈ! પણ ત્યાં લોહીના ડાઘ હતા નહિ. મે રાહતનો શ્વાસ લીધો. બીજા દિવસે પવન ખૂબ હતો ત્યાં એ.સી. નો પંખો એ પવનથી ફરતો હતો. અંદર રહેલી માતા એની ચાંચ દ્વારા એ પંખાના પાંખીયાને રોકતી હતી. કેવું મમત્વ ! આપણે હંમેશા જ્યારે વાત કરતા હોઈએ ત્યારે મનુષ્યની માતાઓના ગુણલા ગાતા હોઈએ છીએ પણ , સંસારમાં જંગલમાં , રણમાં, દરિયામાં, રહેનાર દરેક માતા એના સંતાન માટે અનેકો કષ્ટ ઉઠાવી પોતાની જાતને નીચોવી દઈને એના સંતાનનું જતન કરે છે. આ તબક્કે સંસારની તમામ માતાઓને વંદન.

**-કેતન મંજુલાબેન પટેલ(અમદાવાદ)**

---



સંતાનોના સુખ માટે જગત સામે લડતી..
હર દુઃખ સહન કરીને સંતાનો માટે જીવતી
વિશ્વાસ કરો નિસ્વાર્થ પ્રેમની જળોહર
ઈશ્વરની હરોહર એ માના ચરણોમાં નમે સર..

માં એ માનવ જીવનનું અમૂલ્ય પાત્ર છે. વિશાળ દિલ અને વિરાટ ક્ષમાભાવ. સંબંધ કોઈ પણ ભલે હોય પણ માંની તુલનામાં ના આવે. દિવસ ઉગે ત્યારથી રાત સુધી પોતાના સંતાનોની કાળજી રાખતી. તેને હુંફ, આશ્વાસન, સાંત્વના, હિંમત આપતો સાથે રહેતો અવાજ એ માં. સંતાનોને મોટા કરવામાં પોતાના સુખોનો, શોખનો અને ખુશીઓનો કેટકેટલો ત્યાગ કર્યો હશે. દુઃખો વેઠીને પણ સંતાનોની ખુશી જોઈ હશે. વળતરની કોઈ જ અપેક્ષા રાખ્યા વગર સંતાનોને આગળ વધાર્યા હશે. માંના અગાઢ પ્રેમમાં પરમેશ્વર સમાયો. માંના હાલરડામાં સ્નેહના નીતરતા હેત સમાણા. શિવાજીને જીજાબાઈ એ ઝુલાવ્યા પારણીયામાં. એ જ માતા જેણે પેટમાં શુરવીરતાના પાઠ શીખવ્યા. જેને આપણે આજે પણ યાદ કરીએ છીએ. ધરતીનો ખોળો, થાક્યાનો વિસામો અને તડકા પછીનો છાંયો એટલે માં. જેના ખોળામાં માથું મૂકીએ અને જેનો બેટા કહીને માથા પર હાથ ફરે એટલે જીવનના સઘળા દુઃખો થાક ઉતરી જાય અને સુખ, શાંતિ મળે. તેના આશીર્વાદથી જીવનમાં ઘટતું બધું મળી જાય. એક સમય હતો આંસુ આવતા ને માં યાદ આવતી. આજે માં યાદ આવે છે ને આંખમાં આંસુ આવે છે. એ જ તો દયા વાળી, હેત વાળી અને કરુણામયી આપણી માં. અસ્તિત્વને ઘડનાર સંસ્કારોને રોપનાર એ માં. એક માં યશોદા જેણે જગતમાં દાખલો બેસાડ્યો કે જન્મ નથી આપ્યો છતાં પાલનપોષણ કરીને જીવન આપ્યું. એ પુત્ર કૃષ્ણના મુખમાં માતાએ અખિલ બ્રહ્માંડના દર્શન કર્યા. એ અમીદ્રષ્ટિ એક માં માજ હોય શકે. એ વિશ્વ દર્શન માતાના પ્રેમમાં જ બન્યો હોય. માંની મમતા કાજે જગતના બધા સુખો અને પ્રેમ ઓછા પડે. જેને સહારે ચાલતા બોલતા થયા. જેણે આપણને જન્મ આપીને જીવન આપ્યું. અસ્તિત્વની ઓળખ આપી. દુઃખ સહન કરીને દુનિયામાં લઈ આવી એ માનું ઋણ આ જન્મમાં ક્યારેય ન ચૂકવી શકાય. જેને કહેવા માટે શબ્દો ઓછા પડે. જેના પ્રેમ ચૂકવવા માટે હૃદયના ભાવ ઘટે. એ માંની લાગણીની અખંડ વહેતી ધારાને કોઈ રોકી ન શકે. જેની હયાતી ભગવાનની સાક્ષી અને લાગણીની જીવંત જ્યોત. એની ગેરહાજરી એટલે જીવનનો ખાલીપો, સાચા પ્રેમની શુન્યતા. કહેવાય છે કે ઈશ્વર દરેક ઘરમાં ન પહોંચી શક્યો એટલે એણે માંને બનાવી. માંને સમજવાની, માનવાની કે જાણવાની ન હોય એ તો નિશ્ચિત ભગવાનની ઓળખ જ હોય..

**-ઉષા પંડ્યા (રાજકોટ)**

---

'મા'



મિત્રો 'મા' (મમ્મી) વિષય પર કંઈક પણ લખવું એ ઓછું જ કહેવાય અને સાચું કહું તો મને એ ન્યાયસંગત પણ નથી લાગતું. મને યાદ છે કે બાળપણમાં ફક્ત આના કારણે જ સ્કૂલમાં મોડે સુધી ઊભી રહી હોઉં કે બહાર વરસાદ પડતો હોય ને પલળતાં પલળતાં જ ઘરે પહોંચી જતી . ત્યારે વરસાદમાં પલળીને આવવાનો મતલબ કે ઘરે અજમાવાળા ગરમ સરસિયાનાં તેલનું માલિશ. એ પણ ગમે ત્યારે નહીં , પલળીને આવો ત્યારે જ .મસ્તીમાં ભીંજાઈએ તો પણ વઢ ફટકારની સાથે સરસિયાના તેલનું માલિશ તો હાજર જ હોય.

પછી જ્યારે માનું ઘર છૂટ્યું તો ધીમે-ધીમે વરસાદમાં પલળવાનું ઓછું થતાં થતાં બંધ જ થઈ ગયું . એવું નથી કે જિંદગીમાં લોકો જ નથી આવ્યાં પણ એ કોઈનાં મગજમાં ક્યારેય નથી આવ્યું કે વરસાદમાં પલળેલાનાં પગનાં તળિયા પર ગરમ સરસવનું તેલનું માલિશ કરી દેવાય. ક્યારેય પણ નહીં !

બાળપણમાં ખાવાનું મનપસંદ ના હોય તો મા દસ વસ્તુઓ આપતી. 'સારું બેટા , ચાલ ઘી ગોળ સાથે ખાઈ લે .ચાલ , તારાં માટે આલુ પરોઠા બનાવી દઉં છું. શાક નાપસંદ હોય તો કેવી રીતે ખવડાવી દેવું ,એની ટ્રીક મારી 'મા'( મમ્મી) પાસે હતી. ફક્ત મારી જ નહીં મિત્રો , બધાંની મમ્મી પાસે આવી ટ્રીક હોય જ . મા નખરાં સહેતી હતી અને અમે પણ બહુ જ લાડ લડાવતાં હતાં. એવી સેંકડો ચીજો હતી જે મા (મમ્મી) હંમેશા કરતી હતી . એમનાં દૂર થયા બાદ કોઈએ કર્યું નથી .કોઈએ કદી વાળમાં તેલ નાંખ્યું નથી.મા હતી ત્યારે એમની પાસે ભલે એક જ દિવસ માટે જતી તો પણ વાળમાં તેલ તો જરૂરથી નાખી દેતી.

મારી જિંદગીમાં મા ફક્ત એક જ હતી. ફરીથી કોઈ મા નથી આવી. અલબત્ત મોટી થઈને હું જરૂર મા બની ગઈ. છોકરીઓ તો થઈ જ જાય છે ને મા જાતે જ. પ્રેમી, પતિ ક્યારે નાનો બાળક બની જાય છે ,ક્યારે એનાં પર પ્રેમથી વધારે દુલાર વરસાવવા લાગે છે ખબર જ નથી પડતી. એમના માથામાં તેલ લાગી જાય છે ,એવી પરવાહ પણ થવા લાગે છે કે એમની મનપસંદ વાનગી બનાવીને ખવડાવવી , એમના નખરાં પણ વેઠવા લાગી જવાય છે. છોકરાંઓની જિંદગીમાં કેટલી મા આવે છે ! બહેન પણ મા થઈ જાય છે, પત્ની તો હોય જ છે , દીકરીઓ પણ એક ઉંમર પછી વૃદ્ધ પિતાની મા બની જાય છે. હા , પણ છોકરીઓ પાસે ફક્ત એક જ મા છે . મોટાં થયાં બાદ એમને ભાગ્યે જ મા મળે છે જે એમનાં લાડ ,દુલાર , નખરાં ઉઠાવી લે . છોકરીઓને જિંદગીમાં ફક્ત એક જ વખત મા મળે છે , જેમ મને મળી હતી. મારી વ્હાલી(મમ્મી) મા

**-લીના શર્મા (વડોદરા)**

# વિશ્વ માતૃ દિવસ નિમિત્તે પદ્ય રચનાઓ

---



કેટલો કોમળ છે માં હાથ તારો હળવો એનો
સ્પર્શ થાય,હું ફૂલની જેમ ખીલી જાઉં છું...
ડર જ્યારે,હાવી થાય ત્યારે,ખભા પર,હાથ
પડતાજ મારા,હામ ભરીને,ઊભી થાઉં છું ....
તારા સુંદર મુખડા ઉપર સ્મિત રેલાતા
જોઈ,હૈયામાં હું પણ, હેતથી હરખાઉં છું .....
તારા ખોળામાંથી વહે, પ્રેમ અવિરત ધારા
માં ઊંડી ડૂબકી મારી હું તરબોળ થાઉં છું......
તારા થકી આવ્યો જીવ આ ધરા પર લઈને
જીવન એ ઉપકાર માત્રથી જીવી જાઉં છું..

**-મમતા પટેલ (ભરૂચ)**

---

## 'મા'



એક અક્ષરમાં સમાયા છે અઢી અક્ષર જુઓ
'મા' તમારા નામમાં છે 'પ્રેમ' ની ઝરમર જુઓ !
હોય જીવનમાં ગમે તેવી ભલે કડવાશ પણ
યાદ માની આવતાં એ થાય છે સક્કર જુઓ
જિંદગીનો હો ખડક સમ પથ ભલે પથરાળ પણ
માની મમતા થાય સાબિત મીઠડો નિર્ઝર જુઓ
માતની મીઠી નજરથી થાય છે જીવન શરૂ
હોય અદનો માનવી કે હોય પેગંબર જુઓ
પ્રેમનાં ઝરણા ભલે પામો બધે સંસારમાં
આંખમાં છલકાય માની પ્રેમનો સાગર જુઓ

**-અલ્લારખા મલેક 'અર્ક' (કલોલવી)**

---



મમતાતણી મુરતીને લાગણીઓની ખૂબ સૂરતી એ મારી મા હતી.....
વીતેલી વસંતને પાનખરનો રંગ સાચવીને વહાલ કરનાર મા હતી..
હું ગોળ ગોળ ફેરવુને ચગડોળે ચડાવુ તો ગુસ્સે ન થનારી મા હતી
પાલવના છેડે રૂપિયો એક મારા માટે સંભાળીને રાખનાર મા હતી..
કાલુ કાલુ બબડીને બેટા કહીને માથે હાથ ફેરવનારી મા હતી.....
જિંદગી ની 'યાદ'

**-આજીત માલિવાલ (બનાસકાઠા)**

---

## માની ગરિમા



દુનિયાનો સહુથી સ્નેહપૂર્ણ સંબંધ મા તારો,
નાળથી જોડાય ને નાડી તૂટે ત્યાં સુધી સથવારો.
જીવનના ગમેતેવા ઊંચ- નીચમાંય ના છોડે,
સદાય ઉર્જાભર્યુ હૈયું રાખી બાળકો માટે દોડે.
દુનિયાનું સહુથી મોટું વિશ્વ વિદ્યાલય તું,
સંસ્કાર ને શુભતાનો સ્ત્રોત સદા તારી સાથે.
તારું શિક્ષણ ભલે ઓછું હોય કે વધારે,
બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે તુંય મથે પિતાની સાથે.
પેટે પાટા બાંધી તું કોડ બાળકોના પૂરા કરે,
ગમેતેવી સ્થિતિમાંય ન હારે, મનમાં જોશ સ્ફૂરે.
આંસુ છુપાવી પોતાના વજ્ર બાળકોને બનાવે,
આદર્શ બાળકોનો મા તુ જ, તારા વિના કોઈ એ ન આવે.
પોતાની કુનેહથી બાળકોના તન- મનને ઘડતી,
પહોંચી વળે બધે, મા ક્યાંય પાછી નથી પડતી.
મા, સખી કે દેવી જેવા કેટકેટલાં રૂપમાં તું રાજે છે,
તારા શૌર્યના ડંકા તો દુનિયા આખીમાં ગાજે છે.
દૂર જો હોય બાળક તો એનું ક્ષેમકુશળ તને સાંપડે છે,
તારું હૃદય કોઈપણ જોડાણ કરતાં ગાઢ રીતે બાળક સાથે જોડે છે.
હોઠે સદાય તારા બાળકો માટે બસ આશિષ રહે છે,
ભાગ્યનેય તું પલટાવી શકે એવું વેદોય કહે છે.
કોઈપણ વ્યક્તિના પરિચયમાં માનો પડછાંયો દેખાય છે,
નામ પાછળ ભલે હો બાપનું, છાપ તો માની કેળવણીથી જ ઉભી થાય છે.
પૃથ્વી પર જો હોય સ્વર્ગ ઉતારવાની ખેવના,
માની ગરિમા જાળવો, કરો માતૃશક્તિની નામના.

**-અલકા નવિનચંદ્ર મહેતા (ગાંધીનગર)**

---

## 'મા'



મા આવે ને માહોલ બદલાય,
માને આકાશ જેટલું ચાહી શકાય.
મા ના ખભે માથું મુકાય મા ના ખોળે સૂઈ શકાય.
આપણા હોઠ એની છાતી એ ગંધાય
તો યે મા તારી તોલે થોડું અવાય ?
માનું ધાવણ સંતાન માટે ગીતા,ઉપનિષદ કહેવાય.
નવ માસ મા વેઠે ભાર ભગવાન નો આભાર
શેને મનાય ? બાળક જેને જોઈ રીઝે
હૃદયના વંદન મા તને જ અપાય.
મા ને નથી નામ,ઉંમર તો યે મા ને સાક્ષર કહેવાય.
એક પલડે મા બીજે પલડે ભગવાન
તો યે મા નું પલડું નમતું દેખાય.
અડસઠ તીરથ ફર્યો તો યે મા નો પાલવ જ ફળ્યો,
મા ના વહ્યા રક્ત,લોહી આંસુ તો યે મને બચાવ્યો.
મા મારી વિધાતા એનાથી પામ્યો હું શાતા.

ઘનશ્યામ વ્યાસ 'શ્યામ' (મુબાઈ)



સહી પ્રસવ પીડા, મમ દેહ જગત જોયું,
અનંત ઉપકારે પછી, સેવન રક્ત રેડી થયું!
લાડના કોડ અંતરે સ્ફુરે, જે હું અનંત ભોગવું!.
અંતે તો મમતાનું રુણ, મૌન રહી શરણે થયું!
વ્હાલના તરસ્યા જાણે, પાપા પગલી ભરું,
ફરે હાથ ફરીફરી, મમતાનું કોઈ વટવૃક્ષ થયું !
જીવ દીધો જગતે તો, જીવન! તારી ઉધારી કરું,
સક્ષમ કર્યા દુષ્કાળે, લાગણીમાં એક ટપકું થયું!
તું દરિયો કહેવાય મમતાનો, તારા ચરણે શીશ ધરું,
કર્યું વળતરે એટલું, જ્યારે જેટલું મારાથી થયું!
ન ચુકવાયા ન ચુકવી શકશે, છે દોયલું ખરું,
મા તો મા છે! નામ એટલે જ એનું જગતજનની થયું!
**-શૈલા તાજપરા (જૂનાગઢ)**

---

## એ મા જ હતી ...



રોટલીના બે ભાગ કરતી, ને સંતાનોને આપતી
પોતે ભૂખી રહેતી, ને ખોટા ઓડકાર ખાતી
બાપનું ઘર પતિનું ઘર ને દીકરાનું ઘર ફરતી
છતાં દરેક ઘરને એ પોતાનું ઘર માનતી
છાતી સરસો ચાંપતી, ને ચોધાર આંસુ રડતી
અણધારી આફત વખતે, એ જ ઘરની ઢાલ બનતી
ઈશ્વરને પણ જન્મ લેવા, મા ની જરૂર પડતી,
છતાં તને ખબર ના પડે, એવું રોજ એ સાંભળતી
જન્મ આપી પોતાની કૂખેથી, હસતું મુખ રાખતી
સંતાનના નામની પાછળ, બાપનું નામ લખાવતી
નવ નવ મહિનાની પીડા, હસતાં મુખે સહન કરતી
એક સ્ત્રી નવો જન્મ લઈ, ત્યારે મા બનતી...
**-જયકિશન દાણી (બોટાદ)**

---

## Mother's Day.... નિમિત્તે...



વહેલી સવારથી કામકાજની દોડધામમાંથી,
માંડ થોડો સમય ફાળવ્યો...
મમ્મીને આજે વૃદ્ધાશ્રમમાં રાખવાની એપોઈન્ટમેન્ટ સાચવી,
મમ્મીને ત્યાં દાખલ કરી,
અને ફરીથી કામકાજમાં વ્યસ્ત થઈ ગયો..
સાંજે થાકથી લોથપોથ થઈ ઘેર આવ્યો,
અને અચાનક બાકી રહી ગયેલું એક અગત્યનું કામ યાદ આવ્યું....
આજે Mother's day છે,
અને મમ્મીને Wish કરવાનું ભૂલી ગયો...
તાત્કાલિક વૃદ્ધાશ્રમમાં ફોન કર્યો...
ત્યારે હાંશ થઈ કે વર્ષોથી જાળવેલી પરંપરા,
આજે પણ નિભાવી શક્યો....
**-અમિત સોલંકી (અમેરિકા)**

---

## મા..



હતી ત્યારે એ જ હતી.
મારી મા બહુ તેજ હતી.
હું આળોટયો બેફિકર,
ખોળો મખમલ સેજ હતી.
હતી દરિયાદિલ,નેક હતી
જૂઠ્ઠા સાથે સ્હેજ હતી.
ખબર સૌની ખૂબ રાખતી,
સાચે સનસનીખેજ હતી.
ગ્યા જ્યારથી મારા પિતા,
મારે મન તો અવેજ હતી.
**-નારણ મકવાણા(અમદાવાદ)**

---

## આપણે.... અને.... માં....



કેવો નાનો શબ્દ... 'માં'
બહુ મોટો શબ્દ... 'માં'
વિશાળ દુનિયામાં નાનકડી એક... માં
આખી દુનિયા જેમાં સમાણી તે... માં
માત્ર એક માત્રા સાથેની... માં
આપણા બધાય માત્રા ની જનેતા એટલે... માં
આપણા સર્વજનો પરના પ્રેમમાં એક... માં
પણ પ્રેમનું સર્વસ્વ સ્વરૂપ એટલે.... માં
અન્ય સાથે આપણો 'માં' ના અસ્તિત્વનો પણ, બસ સ્વીકાર...
આપણા અસ્તિત્વની યોગદાતા એટલે 'માં'
માં ના દુઃખની પણ નોંધ, કોઈ વાર જ...
આપણી નાની શી વેદનામાં પણ રાત જાગતી 'માં'
નીજ સ્વાર્થમાં કંઈ વાર ભૂલતા 'માં'
નિઃસ્વાર્થતા નું પ્રતીક 'માં'...
**-ધનેશ એમ શાહ (હૈદરાબાદ)**

---



ગાઈ હાલરડાં લડાવે લાડ મારી મા જ છે
સાચા ખોટાનું કરાવે ભાન મારી મા જ છે
છે હૃદય કોમળ છતાં એ વજ્ર સમ બનતી કદી
મારા કાજે જે જલાવે જાત મારી મા જ છે
કષ્ટ સહીને અંગ દઈને જન્મ આપ્યો છે મને
ને મરણને પણ બતાવે ધાક મારી મા જ છે
લઈને પાટી પેન એકડ એક ઘૂંટાવે અને
સંસ્કૃતિના જે પઢાવે પાઠ મારી મા જ છે
સ્નેહનો સાગર કહો કે વ્હાલની એક વાવડી
ખુદ ડુબી જઈને તરાવે નાવ મારી મા જ છે
**-મિતા ગોર મેવાડા (મુંબઈ)**

---

## 'માં'




જનમ દઇ તેં જીવન દીધુ, શિર જગતમાં ઊંચુ કીધુ.
પોટલુ પ્રેમનુ ભરી દીધુ, પછી જીવન આ ત્યજી દીધુ.
રક્તમાં એનુ રક્ત રહ્યુ, શ્વાસમાં એનુ શ્વસન રહ્યુ.
હરપળ એનુ રટણ રહ્યુ, વહાલનું એના વ્યસન રહ્યુ.
ઈશ્વર નું અભિયાન છે તુ, બાળકનું અભિમાન છે તુ.
એક અમર કિરદાર છે તુ, મમતાનો પર્યાય છે તુ.
મધદરિયાનુ વહાણ છે તુ, આંધી માં અવકાશ છે તુ.
પાયો આ પરિવારનો તુ, ઈશ્વરનો ઉપહાર છે તુ.
દર્દના સૌની દાહક તુ, સકળ સુષ્ટિની સર્જક તુ.
એક અનોખી હસ્તી તુ, 'માં' વિના સંસાર છે શું..?
**-નીતિન શાહ.''ભીતર'' (અમદાવાદ)**

---

## 'મા!પ્રભુ સમ લાગતી...'



માની મમતામાં કદીયે પાનખર ના આવતી,
એ સદા બાળકને દરિયાદિલથી કાયમ ચાહતી.
બાળકમાં સંસ્કારનું સિંચન કરે ઉત્સાહથી,
બાળની પગલી પહેલી જોઈ માતા મ્હાલતી.
આ જગતમાં ત્યાગની મૂર્તિ ગણાતી માવડી,







બાળના સુખકાજ ભારેખમ નિયમ એ પાળતી.
ગોળ વિણ કંસાર ના,માતા વિના સંસાર ના
શુદ્ધ ભાવો ભીતરે રાખી દુઆ મા આલતી.
જોઈ લીધું આ જગત આખુંય ફંફોડીને પણ
છે અનોખું રૂપ એનું,મા! પ્રભુ સમ લાગતી.
**-તારા પટેલ,''અંતરનાદ'', (નવસારી)**

---

## 'મા'



તું જ મારી વલ્લભી, ને મા તું જ મારી તક્ષશિલા છો.
તું જ પ્રથમ ગુરુ, ને મા તું જ સુખ-વિલા છો.
જીવ, શિવ ના બ્રહ્મ,બ્રહ્માંડ, હું તારાં અંકને જાણું,
ચાર વેદ ને જપ-માળા, મા તું જ મારાં ટીલાં છો.
આર્યભટ્ટય ટૂંકા પડે, જે મોટા ગણિતશાસ્ત્રી,
મુખ જોઈ મા ભૂખ ઉકેલતી, તું ઈશ્વરિય લીલા છો.
નિત વહેતી નિર્મળ ધારા,હૈયે હેતના કુંડ ભર્યા,
પાતક ધોવા સામે આવતી,તું તીરથ તરસીલા છો.
કેમ તરી શકત હું? આ ભવસાગરનો સિંધુ,
રામેશ્વરના સેતુની, મા તું જ તારતી શિલા છો.
પ્રગટાવી હેતે દીપક, મા તવ ચરણ વંદન કરું,
ફરે પરિક્રમા ગણેશજી, મા પ્રથમ પૂજ્ય પેલાં છો. મા પ્રથમ પૂજ્ય પેલાં છો
**-દીપક વાઘેલા "દીપ" (સિહોર)**

---

## મા!



અઢી વર્ષની ઢીંગલીને નૃત્ય શીખવાડી સ્ટેજ પર પર્ફોર્મ કરાવતી મારી મા!
ચાર વર્ષની દીકરીને પૂછ્યા વિના ફુલ તોડવું એ ચોરી કહેવાય તે શીખવતી મા
ગણિતની ગમ્મત સાથે ભાષાનું પણ જ્ઞાન આપતી મારી મા
સા રે ગ મ ની સરગમની સાથે રાસ ગરબા પણ શીખવતી મા
ભરત ગૂંથણ અને ચિત્રકારી એક નિપુણની જેમ કરાવતી મારી મા
બાર વર્ષે રસોઈની કળામાં ડગ મંડાવતી મા
વકૃત્વ સ્પર્ધામાં શું અને કેવી રીતે બોલવું તેની પ્રેક્ટિસ કરાવતી મારી મા
અને હમેશાં ઈનામ મળે મારા કરતાં પણ વધુ પોરસાતી મા
સંસ્કારની મજબૂત જડ રોપી રોજ પાણી પીવડાવતી મારી મા
જીવનની પરિક્ષામાં જરા પાછા પડ્યા તો તરત ટેકો દેતી મા!
ચાલ હવે આગળ વધ, હારવાનું નથીનો પડકાર આપતી મારી મા
જીવનની થપેટોમાં ડગલે ને પગલે સહારો આપતી મા
જ્યારે હું મા બની ત્યારે પણ મા બની સાચવતી મારી મા
જીવન ઘડતરના પાઠ મારા બાળકોને પણ ભણાવતી મા
ભણાવતા ભણાવતા મારા બાળકો પાસે પણ ભણતી મારી મા
સ્માર્ટફોન, લેપટોપ, વોટસએપ કે ફેસબૂક સહજતાથી વાપરતી મા
એંસી વર્ષે પણ આઉટડેટેડ ના લાગતી એ મારી મા
ઈશ્વરના આશીર્વાદ સમી લાગતી મા
ભવોભવ વરદાનમાં માંગેલી એ મારી મા!!!
**-પ્રીતિ જાગીરદાર (કેનેડા)**

---

## પુત્રી પ્રાગટયનું ગીત



મારે સોણલે તું સોહે, મારી સોન-પરી
ઉરે અંતરના અજવાસે તું તો ઉભરી
રૂડા નભથી પધારી, મારી વ્હાલ-પરી!
તારા આવનના એંધાણે હું તો પીગળી
મન-આંગણ ખીલી, પારિજાતની પગલી
અમર આશ જાગી કેવી? અણમોલ નરી!
ધબક ધબકના તાલે નવી દુનિયા જડી
મંદ મધુરી સુવાસે, હું તો મહેકી જરી
મારા વ્હાલપનું ઘર, મારી વ્હાલ-પરી!
તારી આંખે હું નવલા એ સ્વપન દીસું
તારો કુણેરો સ્પર્શ હશે અમૃત મીઠું!
આભે અદકી ચમકંતી, મારી સ્વપન-પરી!
હૈયું મારું હર પલ કંઈ અમથું હરખાય
મુખડું મારું આછું, પણ મબલખ મલકાય
મારે રૂદિયે વસી તું, મારી સોન-પરી !
**-હેતલ જાગીરદાર બ્રહ્મભટ્ટ (આમેરીકા)**


---



ક્યારેક હસાવતી ક્યારેક રડાવતી,
ગુસ્સે થતી થોડી એ લાડ લડાવતી વધુ,
આવતાં જતાં જો ગુસ્સે થાય કોઈ,
તો પ્રેમથી સાંભળી પછી સમજાવે એ!
તુ કહીને જો બોલાવી શકીએ, તો એક જ વ્યક્તિ એવી,
કોઈ એકની તબિયત બગડે તો થાય એ ઊંચીનીચી.
રાત દિવસ કરે સેવા સૌની, રાખે નહીં બદલાની કોઈ અપેક્ષા!
યાદ કરું છું બહુ તને, ક્યાં જતી રહી તુ?
હોઉં તકલીફમાં તો સાંભરે તુ મને,
ક્યારેક તો આવ પાછી, ઓ મારી વ્હાલી મા
**-સ્નેહલ જાની (સુરત)**

---

## મા..!



મા તું અનન્ય છે તને, મા , માવડી, માડી, આઈ, અમ્મા..કહવ..!
બધી ભાષામાં તું મહાન ને સર્વોચ્ચ છે..!
તું અજોડ છે...!
હિંદુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, પારસી કહવ બધી જાતીમાં..!
મા તું કરુણાની મુતિ છો..! શ્વેતવરણી કે શ્યામ રંગી ચામડીમાં ...!
મા તારું દૂધ શ્વેત જ છે..! રકત પણ લાલ જ છે..!
તું અદ્વિતિય છે. .! દુનિયાનાં દરેક ખૂણામાં તારો જોટો નથીં..!
વિશ્વમાં દરેક દેશમાં ..! તારું સ્થાન અચલ છે..!
તું અમૂલ્ય છો..! તાર મમતા 'નિઃ શબ્દ' છે..!
કાયૅ તારા ઉમદા , એની તોલે કોઈ ના આવે..!
ને તારું કાયૅ તો મૌન સેવા જવી..!
આખા વિશ્વની દાતા આનંન્દદાયી..!
એટલે જ મા...!
તું કલ્પનીય મહાન તારી તોલે કોઈનાં કદીય આવે...! થાકે ના કદીયે..!
**-રાગીની શુકલ 'રાગ' (મુબઈ)**

---

## માં .....



માં તે તારા ખોળેથી ખસેડી
જીંદગીની રમતમાં ધકેલી
માં તું બહુ સાંભળે રે....
આ સંસારની ભાગદોડ માં બધું છુટી જાય
પણ માં તુ કોઈ દિવસના વિસરાઈ રે.....
ભુલ જ્યારે કરતી તો તું સમજાવતી રે...
તું જ્યારે ફીકર કરતી ત્યારે હું બેફિકર થતી રે....
માં તું ભણેલી ગણેલી નથી છતાં જીંદગીના બધા પાઠ ભણાવ્યા રે....
માં હવે તારા જેવી સંભાળ કોઈ લેતું નથી રે...
માં આજે ફરી તારી યાદ આવે છે
ફરી તારો ખોળો ખુદવો રે...
આ જીવન તો પુરૂ થયું છે માં આવતા જન્મે ફરી તારા ખોળે જન્મ લેવો માં...
માં એટલે બીજો ભગવાન
આ ત્રણ જગતનો નાથ પણ માં વગરનો અનાથ છે...
**-જલ્પા પટોડીયા (અંકલેશ્વર)**

---



તારા ખોળામાં પોઢીને મળતી શાંતિ મને સાંભરે,
તારો હાથ ઝાલીને ચાલેલી પા-પા પગલી સાંભરે!
તકલીફમાં ફરતો માથા પર મમતા ભરેલો હાથ સાંભરે,
ઠપકો આપીને આપેલી શિખામણો મને હજુ સાંભરે!
પ્રેમભર્યું,હેતભર્યું,સ્વરબધ્ધ એ હાલરડું મને સાંભરે,
વહેલી પરોઢિયે તારા હાથનું શિરામણ હજુ સાંભરે!
સંતાન સુખ માટે સૌ દુઃખો ભૂલી હસતો ચેહરો સાંભરે,
સ્હેજે આંચ આવે માની આંખે છલકાતું ચોમાસુ સાંભરે!
પોતે વિષ પી ને અમૃત પાનારી માવલડી મને સાંભરે,
તારા પાલવના છાંયડે મળતી શીતળતા કાયમ સાંભરે!!
તારા ખોળામાં પોઢીને મળતી શાંતિ મને સાંભરે ..!!!
**-તુષાર પંડયા (ભાવનગર)**

---



માં ક્યારેય મરતી નથી,
એ તો એના સંતાનોમાં એવી સમાઇ જાય છે,
કે બહાર દેખાતી નથી.
જેને લોકો ઈશ્વર કહે છે
તે માં જેવું જ કંઇક હશે કે?
ઈશ્વરની તો મને બહુ ખબર નથી
પણ માંની બરોબરી કોઇ કરી ના શકે
તેની મને ગળા સુધીની ખાત્રી છે.
**-કૌશિક અ જોષી(વડોદરા)**

---

## મા



હું અહીં મલકાઉં મનમાં ને ત્યાં ખુશ થઇ જાય મા!
આંખમાં આસું હું અહીં વરસાવું, ત્યાં ભીંજાય મા!
મારા દુખે દુખી થઈ જીવ બાળતી જોઈ છે મેં!
હું સુખી છું જોઇને દુર રહી રહી હરખાય મા!
તેં મને પાળ્યો ને પોષ્યો જન્મ્યો તે પહેલાંય, ને
જન્મ દીધા બાદ પણ વ્હાલપનું સરવર થાય મા!
સ્વાર્થ ના સંબંધો ને ઓળંગી ને જોઈ જુઓ
માત્ર મંદિરમાં જ નહીં હર હૃદય માં પૂજાય મા!
કાંટાળી પગદંડીઓ, પથરાળ રસ્તાઓ વીંધીને
ટોચ ઉપર પહોંચી જઈ જોઉં નીચે, દેખાય મા!
**-હરિહર શુક્લ''હરિ'(વડનગર)**

---



પ્હાડ સમ જીવે કદી પણ ક્યાં ચળે છે મા,
કાળની છાતી ઉપર બેસી દળે છે મા.
ના કદી પૂરાં થવાના હોય એવાં સૌ,
સપનાંનો વીંટો કરીને નીકળે છે મા.
ક્યાં કશું કહેતી સદાયે સ્મિત ઢોળે બસ,
ઠેસ પહોંચે જો અગર મનમાં બળે છે મા.
બંધ મુઠ્ઠી રાખતી પીડા બતાવે ક્યાં!
આપણા અંતરની પીડાઓ કળે છે મા.
ઘરને છોડી જાય એ કંઈ કામ માટે તો,
ખૂબ ઝડપે ત્યાં ફરી પાછી વળે છે મા.
ના કદી વાંચી શકો એવું છે પુસ્તક મા,
ને જુઓ મુખપૃષ્ઠ કેવું ઝળહળે છે મા.
લાગણીનાં સ્પંદનો એવાં ભરી રાખે!
એ જ આશીર્વાદ તો કાયમ ફળે છે મા!
**-લીલાબેન પટેલ 'ઝલક' (નવસારી)**

---

## 'મમતાળી મા'



મા વાત્સલ્યનો દરિયો તેનાં વિનાંનું જીવન બને જાણે કંટક,
મા બાળકની ભૂલોમાં રાહ ચીંધીને બનતી અડીખમ ખડક!
બાળકનાં દરેક તોફાનો સેહતી પ્રેમ પીરસતી મા મમતાળી,
માનાં ખોળામાં શાંતિનો પૂર્ણ અહેસાસ તેની વાત નિરાળી!
ઈશ્વરે મા રૂપે એક સુંદર સર્જન કરી ઘડી સરિતા સ્નેહની,
માનાં પ્રેમ વિનાં ઝૂરે હ્રદય,એનાં વિનાં લાગતી દુનિયા સૂની!
માનાં સ્પર્શમાં અનોખી શાતા એની દ્રષ્ટિમાં છલકે અનુરાગ,
માની હૂંફમાં અનેક વ્યાધિ શમેં,નહીં ખમાય મા કદી વિયોગ!
માનાં અંતરના આશિર્વાદથી થાય મહેર ટળે જીવનનું ઝહેર,
'મા' વ્યક્તિનાં સંસ્કારોનું દર્પણ,કરે એનાં ચારિત્ર્યનું ઘડતર!
માનાં મુખનો સંતોષ અને અંતરના આશિષે જીવતર ધન્ય,
માનાં જેટલું પ્રેમાળ, કરુણ ક્યાં કોઈ છે દુનિયામાં અન્ય!!
**-પ્રીતિ પટેલ (અમદાવાદ)**

---

## મા



હાથ છોડાવીને ચાલી, ક્યાં હવે શોધું તને?
મા થઈને તું રિસાઈ, ક્યાં હવે શોધું તને?
સુખ તો ભરપૂર છે મહિયરના આંગણમાં છતાં,
ખોટ બહુ લાગે છે તારી, ક્યાં હવે શોધું તને?
તું હતી સંગાથ તો અવસર હતાં આનંદના,
આજ ખોવાઈ ખુશાલી, ક્યાં હવે શોધું તને?
તારા પદચિહ્નો હતાં એટલે નહોતી ફિકર,
આંખથી છૂટી નિશાની, ક્યાં હવે શોધું તને?
દુન્યવી મેળો હવે લાગે મને દુષ્કર ઘણો,
આંગળી છોડી તે મારી, ક્યાં હવે શોધું તને?
માવતર, ઈશ્વર અને બાંધવ સહિત ભરપૂર રહી,
થઈ છબી એ ઘરની ઝાંખી, ક્યાં હવે શોધું તને?
-મેધાવિની રાવલ 'હેલી' (સુરેન્દ્રનગર)

---



એક જણ માટે તું તારી ઉમ્ર ખર્ચી નાખ મા ,
શક્ય છે કે એ જ જણ આપે ઉદાસી આંખમાં.
એક આપેલું વચન એ પાળવા બચ્ચાને કાજ,
આભમાંથી એક પંખી ચંદ્ર લાવ્યું પાંખમાં.
છે જ ક્યાં તારા સમું એને ય વળગણ પ્રેમનું,
તે છતાં એના સ્મરણ તેડી ફરે તું કાંખમાં .
એક રણ એવું ય છે પીવા મળે જ્યાં ઝાંઝવા,
તું ય તારી લઈ તરસ ત્યાં આવજે વૈશાખમાં.
જે બધું વિતી ગયું એ એકસાથે પામવા,
તું સ્વયમનું આવરણ ભેદી ને ભીતર ઝાંખ મા.
**- તેજસ દવે (અમદાવાદ)**

---



નિશાના ગાઢ અંધારાનો ડર લાગે નહીં મનમાં,
જો માતા નામનો દીવો હો ઝળહળ એના જીવનમાં.
કહે તારાં અને મારાંય સુખમાં ભેદ શું ઈશ્વર?
ભલે તું સ્વર્ગનો માલિક; ને મારે સ્વર્ગ જેવી મા.
બનાવે અંધ જ્યારે માતને મમતાની પટ્ટીઓ,
અપાવે પુત્રને ગાદી; પરમને મોકલે વનમાં.
પછી માતાના ખોળાની અનેરી હૂંફ હો ક્યાંથી ?
ગયા પાલવ અને આયા રહી ગઈ બાળપાલનમાં.
કરે જીનલ અગર તપ, ત્યાગ ને મમતાનો સરવાળો,
જવાબે એક અક્ષર જે મળે - બસ, એ જ તો છે મા.
**-અંકિતા મારુ 'જીનલ' (મૂબઈ)**

---

## મા છે



આ અદભૂત કલાકુતિ મા છે,
ને છે ઈશ્વરની આકુતિ મા છે.
નથી કોઈ ચીજ એ તોલે,
જગની અમૂલ્ય કુતિ મા છે.
શોભા, શર્ણગાર, સૌંદર્ય બધું,
ભરી છલોછલ સંસ્કુતિ મા છે.
સદંતર હરિવંત હોય એની ગોદ,
એવી જગદંબા પ્રકુતિ મા છે.
તું અંધ થઈ ભલે અથડાય 'મહેક',
ઈશ્વરની આબેહૂબ પ્રતિકુતિ મા છે.
**-બાબુ સંગાડા 'મહેક' (હાલોલ)**

---

## મા



અવતાર આ પૃથ્વી પર માં ને લીધે મળ્યો ,
માનવી તરીકે જન્મવાનો અવસર ફળ્યો ,
રાખી હૈયે ધીરજ ઘણી ઉછેર્યો મુજને ,
બાળપણમાં માનો સંઘર્ષ કદી ના કળ્યો ,
મમતા એવી રાખી કાયમ માટે મારા પર ,
ઠપકો આપે તો એ પણ લાગતો ગળ્યો ,
પ્રેમથી ફેરવી હાથ સીંચ્યાં સંસ્કારો એવા ,
તેથી કદીય કોઈ બુરાશ તરફ નથી વળ્યો ,
વિદાય એની કરાવી પ્રભુએ અચાનક છળ્યો ,
નથી સાથે માં ત્યારથી રોજ અંતરે હું બળ્યો
**-તપન કર્ણિક (સુરત)**

---

## મા



અવતાર આ પૃથ્વી પર માં ને લીધે મળ્યો ,
માનવી તરીકે જન્મવાનો અવસર ફળ્યો ,
રાખી હૈયે ધીરજ ઘણી ઉછેર્યો મુજને ,
બાળપણમાં માનો સંઘર્ષ કદી ના કળ્યો ,
મમતા એવી રાખી કાયમ માટે મારા પર ,
ઠપકો આપે તો એ પણ લાગતો ગળ્યો ,
પ્રેમથી ફેરવી હાથ સીંચ્યાં સંસ્કારો એવા ,
તેથી કદીય કોઈ બુરાશ તરફ નથી વળ્યો ,
વિદાય એની કરાવી પ્રભુએ અચાનક છળ્યો ,
નથી સાથે માં ત્યારથી રોજ અંતરે હું બળ્યો
**-તપન કર્ણિક (સુરત)**

---

## જનની તારી તોલે



પ્રભાકિરણ સમ મૃદુ તેજ ભરી હેત ઢોળતી,
ચંદ્રકણની ભરી શીતળતાં આલિંગન આપતી.
ઈશની પ્રતિરૂપા, ધરણી પર 'મા' બની અવતરી,
નિઃસ્વાર્થ પ્રેમની એ અવિરત ધારા નીશ વહાવતી.
ધરતી જેટલો ભાર હસતાં મુખે 'મા' જ ઉઠાવતી,
રહી અડગ સંતાનોની હર તકલીફ દૂર ભગાડતી.
સંતાનોની સુખાકારીમાં જ સ્વનું સુખ એ જાણતી,
હરએક પ્રાર્થનામાં સંતાન કાજે સુખ 'મા' માંગતી.
હેતનાં હિંડોળે અને હૂંફનાં બાજોટે એ રમાડતી,
સુખની કોઈપણ ચાવી, જનની તારી તોલે ના આવતી.
**-પલ્લવી ગોહેલ 'પલ'.(સુરત)**

---




માં' શબ્દ નો અર્થ કોઈ શબ્દકોષ માં ન હોય શકે,
માં ના માતૃત્વ જેવું કોઈ તત્વ જગમાં ન હોય શકે!
ઘણાં બધા રૂપ છે દર્શાવવા આ જગતમાં પ્રેમના,
તો ય બધા પ્રેમમાં માતૃપ્રેમનો પર્યાય ન હોય શકે!
નથી કરવું મારે માં નું અપમાન કોઈ દી, કોઈ રીતે,
ફક્ત એક જ દી માતા માટે માતૃદીવસ ન હોય શકે!
બધા જ ઈશ્રવર ને મેં જોઈ લીધાં મારી માં ની ભીતર,
તો જીવનમાં ઈશ્રવરનું સ્થાન માં થી ઉચું ન હોય શકે!
અફસોસ કે માં માટે લખી ના શક્યો માં ના જીવતાં,
પુછ ચેતનને કે જીવનમાં માં નું મહત્વ કેટલું હોય શકે!
**-ચેતન મોદી (સુરત)**

---



જીવનનો મર્મ અને કર્મ
સમજાવતી સ્નેહની રસધારા
એટલે માતા...
હું છું ને તારી સાથે એ અશાબ્દિક રીતે
કાયમી સથવારો એટલે માતા.
ઘરના ઉંબરે તોરણ× બની....
મકાનને ઘર બનાવતી
અમૃતધારા એટલે માતા.
જેના સાડલે વ્હાલપની કૂંપળો ફૂટે....
અને હયાતીમાં જીવનનો ઉત્સવ ભાસે
તે કાયમી હૂંફનો સથવારો એટલે માતા.
**-મિત્તલ પટેલ 'પરિભાષા' (અમદાવાદ)**

---



તબિયત મારી કથળી અને નિંદર તારી બગડી,
દર્દમાં મુજનો સહારો બની પીડા હરિ સઘળી.
મારી હર એક મુશ્કેલીમાં બની તું સહારો મારો,
મારાં હરએક મુશ્કિલ કામમાં મળ્યો સહકાર તારો.
કેમ લખુ વખાણ તુજના, વાગોળે કેમ કલમ મારી,
લખુ જો ઉપકાર તારો તો પૂછે કલમ ઓકાત મારી.
તનથી થાકી તું અંતરમનથી ના થાકી ક્યારેય,
તારા દ્રઢ સંકલ્પથી ઘરે ના આવી આફત ક્યારેય.
તારા એ જ સિદ્ધાંતથી હું બધું શીખ્યો આજ,
અને ધન્ય થયો મારી માવડી બની તારો બાળ.
**-વિનાયકરાવ મોરે 'ભારતીય'(ભાવનગર)**

---

NEWS OF GANDHINAGAR_P-3

14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી





"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "



માં.... તે કેવી?
મારી માં જેવી, કે મ્હારા જેવી કે આ દુનિયા ની દરેક માં જેવી...
આમ તો બીકણ સસલી,
પણ સમય આવે સિંહ જેવી .
સતત લાગણીઓનો ધોધ વહેવડાવતી....
પોતાનું અસ્તિત્વ ગુમાવી,
સદાય બીજા માટે જીવતી...
બધું સમજવા છતાં પોતાને મૂરખમા ખપાવવાની સમજદારી રાખતી.
સહન શીલતા ની મૂર્તિ માં....
તારા વિશે શું લખું... કેમ લખાય?
કદાચ ઈશ્વર ને કહું બે શબ્દ લખ તો તેની કલમ પણ નાની પડે....
પ્રભુ...આમ તો તું ત્રણ જગત નો નાથ,
પણ એનાં વિના તો તું પણ અનાથ ...
સદાય નિસ્વાર્થ પ્રેમ ની ગંગા વહાવતી,
પ્રભુ એના પ્રેમ આગળ ક્યારેક તને પણ હંફાવતી...
સમુદ્ર થી વિશાળ હૃદય ધરાવતી...
ક્ષમા નો આખો જે દરિયો
જેનાંથી તારું અસ્તિત્વ...
જેનાંથી વજૂદ તારું ...
તે માં નો શું વર્ષ માં એક જ દી હોય ?
**-નિકી શાહ (સુરત)**

---



મને શું જોઈએ તેની મને નથી ખબર,આંખો મીંચીને પડ્યો હોઉં આડો ને ક્યારેક મન બુલેટ ટ્રેન ઝડપે ક્યાંક પહોંચી ગઈ હોય.
શૈશવના શમણાં ક્યારેક તાજી સ્ટ્રોબેરીના જ્યુસની જેમ ગળચુ છું.
મારી બાની પછેડીના કટકેથી સોયદોરે સાધેલી ચંપલોની પાછળ નાનકડો મનુ માણકી બાની આંગળી પકડી ખેતરના શેઢે ડગુમગુ ચાલતો દેખાય છે.
થયો સહેજ મોટો તો ભેંસોને હવાડે પાણી પાવા લઇ જતાં આવડી ગયું તું.
પછી તો માથું ઓલ્યા પક્ષીઓ બીવડાવવા ઉભા કરેલા ચાડિયાની ચોગરદમ હલે તેમ છતાં નાની શી ઘાસની ઝુડી માથે મૂકીને ખેતરથી ઘેર જતાં શીખી ગયો.
હા ! શૈશવ સાવ ભોળું હતું ને વધારે તો બા ભોળી હતી,હવે તો મોટા થઈને આંટી ઘાટી વાળા જીવનમાં ચોગરદમ પાકા ઘંટ ખયાલો વચ્ચે નિસ્પૃહ રહી ઝાકળની ઉપર જેમ પાણીનું બિંદુ પાંદડાને ન પલાળે તેમ જીવતાં આવડી ગયું છે .
હજીયે મને શું જોઈએ તેની મને નથી ખબર.
**-મનુભાઈ "અવધુત" (અમેરિકા)**

---



પ્રેમ બ્રેમ જેવું જો કાંઈ હોય તો બતાવજો,
કોઈને પણ જો સાચું હોય, તો બતાવજો.
દરેક પોતાની પીડાનો પોટલો લઈને ચાલે છે,
કોઈનું ભારણ હળવું હોય તો બતાવજો.
વહેતી રહે છે અનરાધાર આંખો કાયમ,
કોઈ પાંપણ જો કોરી હોય તો બતાવજો.
એ જીતે છે, જે હારની બીક નથી રાખતા,
કાયમ કોઈ અવ્વલ આવ્યું હોય તો બતાવજો.
અંગત હોય કે પારકા સૌ પરખાય જાય સમયે,
કોઈ સ્વાર્થ વગર પણ ઘસાતું હોય તો બતાવજો.
**-દક્ષા રંજન (અમદાવાદ)**

---



હૃદયનાં ખૂણે ખટકે વાત,તું આજે નથી હયાત.
મા,તારો જ અંશ તારો જ પીંડ, હું જન્મોજન્મ બનવા ચહુ...
મા..અંદર બહાર તને સીવી લીધી,ને્આ જિંદગી મેં જીવી લીધી..
તું મારી પળ પળ છો..મારું આત્મબળ છો..
મારો પથ પ્રકાશ અને,માથે આકાશ પણ તું જ.
મારું સમગ્ર અસ્તિત્વ,અને,પૂર્ણ વ્યક્તિત્વ તું જ.. મા.
આજ,તારા પાલવની સુગંધ મારા શ્વાસમાં બંધ છે...
મારો આત્માનો અવાજ અને ,મારી ખુદાની નમાજ પણ તું જ..
શિવાલયે સવારની આરતી અને,સાંજની દિવાબત્તી પણ તું છે મા...
ખબર છે તને..દીકરીમાંથી જન્મી છે,
આજ એક 'મા'.
**-રેખા જોષી. (અમદાવાદ)**

---



આખી દુનિયા ટુંકી પડે જ્યારે વાત મારી મા ના પ્રેમની આવે
જેના પ્રેમને ક્યારેય પાખંડ ના નડે એ મા
દુનિયાનાં બધા દુઃખો જમા કરવાની બેક્ર એટલે મા
મા એટલે પ્રેમ ની અને ત્યાગ ની મુરત
મા થી મોટુ કોઈ નહી, મા સમોવડ કોઈ નહી
મા એટલે મુંગા આશિઁવાદ
મા એટલે વ્હાલ નો વરસાદ
મા એટલે મીઠા જળ નો વ્હાલ ભરેલો વિરડો
મા એટલે હ્દય મંદિર કેરો દિવડો
મા એટલે મમતા નો ખજાનો
મા એટલે અમૃત ભરેલો દરીયો
મા વિશે તો જેટલુ કહુ એટલુ ઓછુ
મા ઈ મા બીજા વગડા ના વા
**-સુનિતા એ. પાલડીયા (સુરત)**

---



મારી રગે રગમા તું છે મા,
નાહક શોધુ હું તને જગમાં,,મા,
જન્મ મને આપી ને ખુશી ને કારણે,,મા,
તું તારા માટે ના જીવી શકી શાનમા,,,મા,
તારા ઉપવને સંસ્કાર ના સિંચનથી,,,મા,
મહેંક ઉઠયું મારું જીવન,,,મા,
વળાવી મુજને સાસરે તે પથ્થર બનીને,,મા,
કાળજાના કટકા ને અળગી કરીને,,મા,
આંખો માં સમંદર જોયા છે આંસુ રુપી પૂરના,,મા,
બની જયારે ×મા×હું પોતે,,,,મા
અનુભૂતિ કરી હેતના લલકારને,,,મા
હયાત નથી તું સદેહે મારી સાથે,,,મા,
અંતરના પટમા વાસ સદા તારો,,,મા,
અર્પૂ ભાવાંજલી અંતરના અશ્રુથી,,,મા,
આપજે આશિષ સદા સ્થૂળ દેહે,,,,મા
મા તુજે સલામ
**-રેશમા ભટ્ટ (સુરત)**

---

## મા અલૌકિક નામ



મારી દરેક વાતોમાં ખુશી જોતા જેના નાજુક ચહેરે
થઈ કરચલીઓ તે છે વહાલી મારી મા,
હું ઊંઘું ને જાગે તારી આંખો મારું મુખ જોઈને રોજ જેની
થાય સવાર તે છે વહાલી મારી મા,
પા પા પગલી કરતા પડતી હું ને મને રડતી જોઈ જેના
નેણ આવે ભરાઈ તે છે વહાલી મારી મા,
એક ઠેશ ના વાગવા દે મને પડુ જો હું બિમાર જે ટુચકા
કરે વારંમવાર તેછે વહાલી મારી મા,
ઘરના કામોમાં દોડતા દોડતા ઘૂંટણ છે ગયા
જેના ઘસાઈ તે છે વહાલી મારી મા,
હાથ લંબાવું છું વારો છે મારો બનું તારો સહારો
પણ, દુનિયાદારીની રીત છે ગંભીર જે જાણે તે
છે વહાલી મારી મા,
છું તારાથી દૂર છતાં મારામાં પળ પળ ધબકાર કરતુ હૃદય
ને એમાં સદાય વસતો ચહેરો તે છે વહાલી મારી મા,
**-જીજ્ઞાશા પટેલ,(સુરત)**


---



કોણે કહ્યું કે કૂકડો બોલે તો જ સવાર થાય?
તારા કંઠે ગવાતા પ્રભાતિયાં થી સવાર થાય!
કોણે કહ્યું કે સુરજ ઉગવાથી જ ઉજાસ થાય?
તારા સ્મિત ના જ ઉજાસ થી દિવસ ખીલી જાય!
કોણે કહ્યું કે ફૂલો ખીલવાથી જ સુગંધ ફેલાય?
તારા પકવાન ની સુગંધ સામે ફૂલો પણ શરમાય!
કોણે કહ્યું કે નભમાં ઘેરાતા વાદળ જ વરસે?
એક વાર ધરા પર આવીને તો જો મારી મમ્મી,
તારા વિના મારી આંખોય અનરાધાર વરસી જાય!!
**-હિમાલી પૌંડા (કુવેત) "તની"**

---

## રાંધણિયું "મા"



ગોરમટાની દીવાલ પર હજીય તારાં આંગળાની છાપ છે,
તેથી તો રાંધણિયું એમ જ રાખીને બાકીની જગ્યામાં નવો બંગલો બન્યો.
હજી પણ ડાઈનિંગ હોલમાં ટેબલ પર નથી જમતો.
તારાં એ રાંધણિયામાં જમું છું, જ્યાં તે ફૂંકણીથી ચૂલો ફૂંકી તારાં ફેફસાં ખાલી કરી ભરી દીધો હતો ધૂમાડો.
પછી તો એ ધૂમાડો પણ તારી સાથે ધૂમાડામાં મળી ગયો.
જે ગૂંગળામણ તે અનુભવી તેનો અંશ પણ અનુભવું તો ધન્ય થઈ જાઉં તેથી રાંધણિયામાં માત્ર જાળિયું રાખ્યું છે.
પણ તારા હાથનો જાદુ રસોઈમાં ક્યાંથી આવે એ ન કહેતી ગઈ?
**-નવીન જોશી (અમરેલી)**

---

## મા



ભલી ભોળી મારી સોનલ માવડી.
ઘડી ઘડી આવે તારી યાદ.... હે
મા..
જગમાં તુજ છે મહાન.
નવ નવ માસ તેં પેટ વેંઢાર્યો.
નવલી દુનિયામાં લાવનાર.. હે માઁ...
ધન ધન ઘડી મારી આજ.
નાના હતા ત્યારે સુકે સુવાડી (અમને).
પોતે ભીનામાં ભીંજાય... હે
મા..
તુજ વિના કોણ વેઠનાર...
રાત દિ'જોયા વિના વૈતરું કરતી મા..
જશ મળે ના તને કયાંય. હે મા...
તું સહનશક્તિનો ભંડાર.
દેવોનેય દુર્લભ માડી તારું મુખડું.
દેવો પણ લાગે તને પાય... હે માઁ
ધન્ય તારો સ્ત્રી અવતાર.
**-મણિલાલ શ્રીમાળી મિલન (અમદાવાદ)**

---



જન્મ આપી જેણે, જીવ રેડી જતન કર્યું,
કોટી કોટી વંદન એને, મમત્વ ન્યોછાવર કર્યું!
વિષ પીધા એણે , અમી મુંજ નામે કર્યું,
એ હાથ મસ્તકે ફરે, વહાલ અમાપ કર્યું!
આપી શિક્ષા જીવન સક્ષમ કર્યું, ભૂલોને ભૂલી ક્ષમાનું આંચલ કર્યું,
જઝૂમી મોત સામે જેણે, હાથનું આલિંગન કર્યું!
આશિષ જેના અનમોલ છે, મસ્તક ચરણે કર્યું,
બેમિસાલ છે ×મા× ની મમતા, નામ ઈશ્વર કર્યું!
ગંગાજળ માનવ જીવનનું, નિઃસ્વાર્થે પોષણ કર્યું,
પ્રેરણાનું ધામ એ, એટલે જ નામ ×મા × કર્યું!
**-જીજ્ઞા પંડ્યા જીગુ (ભુજ કચ્છ)**

---



માં શું લખું તારા વિશે
મારી સામર્થતા નથી એટલી
તૂ મારી જનની મારી પ્રાણ વાયુ
મારી જીવનદાયિની, હું તારા
કાળજા નો કટકો, તારા હય્યા નો હાર
માં હું તો આજ પણ નાનકડી ને લાડકવાયી છું
તારા હેત ની હેલી મન ના ખૂણે ખૂણે વિખરાઈ છે
તારું હાથ ઝાલી ને મેં જીવન નો એક -એક ડગલું ભર્યું છે
ક્યાં શક્યતા હતી તેની, ઈશ્વર રુપે તુજ હતી સાથે
જીવન માં બધાંજ રંગ તેંજ ઉમેર્યા
તારા પાલવ ની શીતળ છાયા રાખી શીતલતા પહોંચાડી
માં છોરું કછોરું થાય છે માં તો ધાત્રી હોય છે
સમાવી લેજે માં તુજ ગર્ભ મા જેવી રીતે સમાવી હતી
કેમ ચુકવીશ માં આ ઋણ એ મુજ ને ખબર નહીં
ફક્ત તારા ચરણોમાં મુજ હદય પુષ્પ સમર્પણ કરી
વંદન કરું છું માં તુજ હદયમાં સમાવી લેજે
હું તારો બાળ છું ને તું પૂજનીય માંણી મારી
**-રુચિ ચાવડા"રુચિ" (દુર્ગ)**

---



સઘળે પહોંચવા જ તેં એને ઘડી હશે,
નક્કી મા એ ઈશ તારી આંખડી હશે.
કે જન્મ આપતાં પહેલાં જ દીકરી તને ,
મા કોણ જાણે કેટલાં યુદ્ધો લડી હશે ?
માનો પિતાને રોટલો જો ઘર તણો તમે,
મા એ ચૂલા તણી ખરેખર તાવડી હશે.
તોયે ન ચુકવી શકું તારું હું ઋણ મા,
મારી ત્વચાની તુજ ચરણે ચાખડી હશે.
મંદિર સુધી તું એને પણ દોરી જજે ભલા,
એ માનતામાં તારી જે મંદિર ચડી હશે.
**-શૈલેષ પંડ્યા"નિશેષ"(જામનગર)**

---


## "મા"



તે અમને જન્મ આપી પૃથ્વીને સન્માનિત નથી કરી મા ?
આ ઉપવનો, વૃક્ષો, પુષ્પો, પંખીઓ તો-
તારી ભાવનાનો વિસ્તાર છે !
લય અને સૂરની અંગુલી ગ્રહી સર્વદા લઈ જતી સ્વપ્ન લોકે
કેટલાં મધુર અને રમ્ય પરીકથાના દેશો!
તારી આંતરસૂઝ ને જતનથી
અમારું જીવનવૃક્ષ બન્યું લીલુંછમ !
તારી વિધાપીઠમાં ઊછરેલ અમો નોખાં કૈંક..
તારી આંખોમાં ક્ષમા ને કરુણાના અંજન આંજ્યાં'તા..!
તારા હાથમાં અભયદાન ને કર્મશીલતાના કવચ જડ્યા'તા!
મા એક એવી ત્રશ્રુતુ જેને
કયારેય ન આવે પાનખર!
હવાતણી લેરખીમાં આવે તારા વહાલસોયા સ્પર્શની માધુરી!
યૌવન ગયું મિત્રો ખરી પડ્યા પણ ઓહ! તારો પ્રેમ..
તારા નિર્મળ સ્નેહનું અમીઝરણું નિત ખળખળ વ્હેતું રહ્યું.
માનશાસ્ત્રનું અમૂલ્ય ઔષધ ને કાવ્યનો અખૂટ ભંડાર-
તું જ અમારા ભાઈભાંડુઓનું એકાક્ષરી મહાકાવ્ય 'મા"!
**-ડો દક્ષા જોશી (રાજકોટ)**

---

## હતો છું ને રહીશ



તારી પાસે મા. નથી રાખવી કોઈ આશ
તારી પાસે મા નથી ઊંઘતી નથી જાગતી
મારા માટે મા કહું કાનમાં હળવેથી
તારી પાસે મા તારી આંખે અવિશ્વાસની
ફરકે નહીં કોઈ છાયા કેવો અખૂટ ખજાનો છે
તારી પાસે મા મારી ભૂલો ભૂલી ગઈ તું
પણ ના ભૂલ્યા અમશરમિંદા થઈ બેસી રહેશું
તારી પાસે મા શોધક ને પોષક આ તારા સુંદર નયનો હૂંફાળા
મળે અનોખી અમૃતધારા તારી પાસે મા.
**-હરીશ દાસાણી.(મુંબઈ)**

---

## તું મારી મા રહી




શોધતા જડે ના , તું મારી મા રહી,
છીનવી જશે ના, તું મારી મા રહી.
મૂંઝવણ હજીયે પ્રભુને પણ પૂછવું,
ક્યાં હશે?રહે ક્યાં?તું મારી મા રહી.
જાણતો જ બાને માનીતો હું હજી,
આજ પણ મળે ના, તું મારી મા રહી.
યાદ પણ રહીને આજીવન મા વગર,
હાલ તો જપે ના, તું મારી મા રહી.
ખેલ પણ જુઓને ×સાવન×તો શું કહે?
જિંદગી બક્ષે ના, તું મારી મા રહી.
**-હિતેશ પટેલ ×સાવન× (બારડોલી)**

---



લાખોમાં એક જ પ્યારી તું માતા, કષ્ટો પડ્યા છે જવાથી જ તારા ,
વિનંતી કરીયે અમે બાળ તારા, ભવોભવ તું અમને મળજે ઓ માતા..
દુઃખો સહીને તે અમને ઉછેર્યા, ભૂખ્યા રહીને તે અમને જમાડ્યા,
રડીને તે અમને હસતા જ રાખ્યા. ભવોભવ તું અમને મળજે હો માતા.
દુનિયાના સુખો ઘડીભર રહે છે, પણ માનો પ્રેમ અખૂટ રહે છે,
અમે ભાગ્યશાળી છીએ બાળ તારા, ભવોભવ તું અમને મળજે ઓ માતા.
વિનંતી પ્રભુ કે બધા દુઃખ દેજે, કરજે નહીં કોઈને મા વિનાના,
કાને તું ધરજે આ કાલી ભાષા. ભવોભવ તું અમને દેજે આ માતા.
અમને ખબર છે કે તું છે દયાળુ, અમારું દુઃખ છે ક્યાંથી અજાણ્યું?,
જગમાં તું એક જ છે મોટો દાતા, ભવોભવ તું અમને દેજે આ માતા.
**-કેતન ભટ્ટ 'કેતુ' (અમદાવાદ)**

---



દેવનો દીધેલપ. હે માત ,
તું જ કહી રહી હતી સૌને અહીં, × આતો મારો દેવ નો દીધેલ દીકરો છે×
આવું કહેતાં, તે મને ભણાવ્યો, ગણાવ્યો , ઉછેર્યો,
અને તું છાનીમાની, ચુપ ચાપ,દેવ પાસે પહોંચી ગઈ!
દેવ નો આભાર માનવામાં આમ ઉતાવળ કેમ? હે માત ,
મારે પણ ત્યાં તારી પાસે આવવું છે. મારે ફરીથી ×દેવના દીધેલ× થવું છે!
તારો ખોળો ખુંદવાનો છું હું! હાલરડાં સાંભળવાનો છું હું!
× રે પંખીડા સુખથી ચણજો..× યાદ છે ને તને ?
હા, મેં 'ઘડિયાપહાડા' બરાબર મોંઢે કર્યા છે,હો!
' ચૂટકી' ખણવાનો કોઈ મોકો નહીં આપું તને! હે માત ,
તું તારી 'તર્જની' ગાલ પર ગોઠવીને ,જોતી રહે મને.
ખરેખર, તું માની નહીં શકે પણ, તુ જાણે કે હું સાવ બદલાયેલો છું.
×દેવ નો દીધેલ તારો દીકરો×
નવા જન્મારામાં,× દેવ ની દીધેલ× માતા મળે તો કેવું?
તને હું બદલાયેલો લાગુ કે નહીં? પણ હજુ મારે તારો ખોળો ખુંદવો છે,
ફરીથી તારાં હાલરડાં સાંભળવા છે.
હે માત, તું જ મારી જન્મોજન્મ માતા બની રહેજે.
**-મુનિ જ ભટ્ટ,. (વડોદરા)**

---



મારી માનું સપનું મને આપો,
એને ગોતવાની રાહ મને આપો.
ટમટમતો દીવો ને સૂની રે ડેલી,
મા થાકેલા સપનાને બેઠી અઢેલી,
અભાગી એ પળને નિહાળવા
દાન સંજય દષ્ટિનું મને આપો.
અમી આશિષના હોઠો પર છલક્યા હશે,
પંખી આશાના ચહેરા પર ટહુક્યા હશે,
મારા શ્વાસો બાંધ્યા એ હવાને,
શ્વાસ દેવાનો અવસર મને આપો.
એના ખોળામાં થોડીવાર રડવું છે આજે,
મારી ખોવાતી જાતને મળવું છે આજે,
મારા શૈશવને વહાલથી વધાવે એવાં
એવાં આંગણાનો સાથ મને આપો.
**-ડૉ.નીલેશ રાણા અમેરિકા)**

---



સહુ ઔષધિમાં શ્રેષ્ઠ ઔષધિ છે 'મા'....
સુણતી સહુને, કયારેય ન સુણાવતી સ્વ ને
વિશેષતાની જોડણી છે 'મા'....
તાપમાં તપતી ધરતી ની જેમ એની વેદના
પણ એની તપન કયારેય ન દઝાડે
ઠંડી રાહત છે 'મા'....
ભલે હોય એ અભણ
પણ સંસ્કાર, શિક્ષાનું વરદાન, જગનો પાયો, અમાપ આકાશનો મોભ છે 'મા'....
**-કિરણ ચોનકર દિવાની (ધરમપુર)**

# હ્યુસ્ટન ગુજરાતી સમાજ દ્વારા થયેલ "ગુજરાત દિન"ની ભવ્ય ઉજવણી

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત એજ આપણી સાંસ્કૃતિક પરંપરા અને અવિરત પ્રેમગંગા છે. ૬૩ વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ થયું; તે પછી ગુજરાતે કેટલી પ્રગતિ સાધી, કેવી મોટી હરણફાળ ભરી તે અંગે માત્ર ભારતમાં જ નહી વિશ્વભરમાં ગૌરવગાથા ગવાય છે. એ જ ભાવનાને લક્ષમાં રાખી ગુજરાતી સમાજ ઑફ હ્યુસ્ટને, હ્યુસ્ટનમાં વસતા સૌ ગુજરાતીઓને આમંત્રિત કર્યા હતા. લગભગ ૬૦૦ જેટલા ગુજરાતી ભાઈબહેનોથી આખો હોલ ભરચક હતો. તેમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે કવયિત્રી દેવિકાબહેન ધ્રુવ અને ખાસ મહેમાન તરીકે કૉન્સ્યુલેટ જનરલ શ્રી અસીમ મહાજન હતા. હ્યુસ્ટનના જાણીતા અને માનીતા ડૉ. કોકિલાબહેન પરીખે સૂત્રધાર ઈનાબહેન પટેલની સુંદર ઓળખ આપી તેમને કાર્યક્રમનો દોર સોંપ્યો. ઈનાબહેને ×જય જય ગરવી ગુજરાત×ના નાદ સાથે કાર્યક્રમનો પ્રારંભ કર્યો. સૌથી પ્રથમ દીપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું. તે પછી તરત જ ગુજરાતી રેડિયો કાર્યક્રમ પ્રસારિત કરતાં શ્રીમતી ઈનાબહેન પટેલ, પોતાની લાક્ષણિક અદાથી, ખૂબ જ સુંદર અને વ્યવસ્થિત રીતે કલાકારોનાં નામો સહિત, એક પછી એક આઈટમને મંચ ઉપર આમંત્રિત કરતાં ગયાં. સૌથી પ્રથમ તો "ઉંમર માત્ર એક નંબર છે" એ ઉક્તિને સાર્થક કરતા અહીંની સીનિયર બહેનોએ રમઝટ જમાવતો ગરબો- ×લીલી લેમડી રે,લીલો નાગરવેલનો છોડ×, એક અનોખા જુસ્સા સહ રજૂ કરી પ્રેક્ષકોને આનંદવિભોર બનાવી દીધા. ત્યારબાદ એક પછી એક લોકગીત, ગુજરાતી ગરબા ×તને જાતાં જોઈ પનઘટની વાટે..× મોતી વેરાણા ચોકમાં× વગેરે જાણીતા ગીત/ગરબા વગેરેથી બહેનોએ રંગત જમાવી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધા, મધર-ડૉટર( મા-દીકરી)નો ગરબો પણ આનંદદાયી બની રહ્યો. મહારાષ્ટ્ર લોકગીત 'લાવણી' નૃત્યે પ્રેક્ષકોને એક અનોખા રંગમાં લાવી દીધા, 'કેસરીયો રંગ તને લાગ્યો લ્યા ગરબા...ને 'વાહ વાહ' અને દુબારાના નાદ સાથે સૌએ ગરબાને વધાવી લીધો. હ્યુસ્ટનના કલાકાર શ્રી બડ પટેલે એક ફિલ્મ પ્રોડ્યુસર અને દિગ્દર્શક જેવી અનોખી અદાથી ' આજ બાપુની પૂણ્યભૂમિ પર ઊગ્યું સ્વર્ણપ્રભાત...જય જય ગરવી ગુજરાત'ના નાદ સાથે બહેનોએ ×રંગીલો મારો ઢોલનારેપદ્વારા ખરી રંગત જમાવી દીધી. પ્રેક્ષકોના 'ફરી ફરી'ના નાદે આખો હોલ ગુંજી ઉઠ્યો.. ત્યારબાદ ગુજરાતી સમાજ ઑફ હ્યુસ્ટનના પ્રમુખશ્રી કલ્પેશ રાણા અને કારોબારી દ્વારા આજના અતિથિવિશેષ, કૉન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયા, શ્રી અસીમ મહાજન, કવયિત્રી, લેખિકા અને સંસ્કૃત-ગુજરાતી ભાષામાં 'ગોલ્ડમૅડાલીસ્ટ' શ્રીમતી દેવિકા ધ્રુવ, ચીફ ટ્રસ્ટી શ્રી ધર્મેન્દ્ર પટેલ, ડો. કોકિલા પરીખ, ડૉ હર્ષદ પટેલ વગેરેનું આગવું સન્માન કરવામાં આવ્યું. માનનીય શ્રી અસીમ મહાજન અને કમિટીના અન્ય સભ્યોએ પ્રાસંગિક શબ્દો કહ્યા. શ્રીમતી દેવિકાબહેન ધ્રુવે આજના શુભ પ્રસંગે, સુંદર રીતે 'ગુજરાતી ગીતોની ગરિમા' વિષય પર વક્તવ્ય આપ્યું. આદ્ય કવિ નરસિંહ મહેતાના પ્રભાતિયાંથી માંડીને આજ સુધી અમર થઈ ગયેલાં ઘણાં ગુજરાતી ગીતોને યાદ કરાવ્યાં. તે ઉપરાંત ગુજરાત પર અને ગુજરાતી ભાષા ઉપર લખાયેલાં અને ગવાયેલાં ગીતોની ઝલક, તેનો લય, સંગીત, શબ્દો, અર્થો વગેરેની વાતો પણ અસરકારક રીતે અને ગૌરવપૂર્વક કરી. તેમની સાથે ગીતોમાં પ્રેક્ષકોનું સંધાન નોંધનીય હતું. તે ઉપરાંત ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે નવયુવાનોનો જયજયકાર થાય તેવી શુભેચ્છા પણ પાઠવી. પરદેશમાં વસતા ગુજરાતીઓ આજે પણ આપણાં લોકગીત, ગરબા અને આપણી ગુજરાતી સંસ્કૃતિને ભુલ્યાં નથી એનો અહેસાસ અહીં જરૂર થાય, ×જય જય ગરવી ગુજરાત× આજ પણ ગુંજે છે અને સદૈવ એ નાદ ગુજરાતીઓમાં ગુંજતો રહેશે. ગુજરાતી સમાજ ઑફ હ્યુસ્ટન તરફથી સમગ્ર પ્રેક્ષકોને 'ઑરેન્જ જ્યુસ' અને ઉપમા, હળવા નાસ્તા તરીકે પીરસવામાં આવેલ. 'ગુજરાત દિન'ની આ ભવ્ય ઉજવણી માટે ગુજરાતી સમાજના તમામ સભ્યોને અભિનંદન. **અહેવાલઃ વિશ્વદીપ બારડ (હ્યુસ્ટન,ટેક્સાસ)**

# દવા કામ ન આવે તો નજર ઉતારે, મા છે હાર ક્યાં માને છે !

માનવીય જીવનમાં બાળકનાં જન્મ પછી એની આસપાસ અનેક સબંધો આપમેળે બંધાય છે પણ મા સાથેનો સંબંધ તો જન્મ પહેલા જ બંધાય જાય છે. માતાજીની મૂર્તિ સમી 'માતા'નાં વાત્સલ્ય પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા તેમજ તેનું ઋણ અદા કરવા માટે જગતભરમાં મધર્સ-ડે (માતૃદિન)ની ઉજવણી પ્રતિ વર્ષ મે માસનાં બીજા રવિવારે કરવામાં આવે છે. એક માન્યતા અનુસાર આ માતૃદિનની ઉજવણી સર્વપ્રથમ ઇ.સ. ૧૯૦૮માં ફિલાડેલ્ફિયામાં કરવામાં આવી હતી તો કેટલાક લોકો એમ પણ માને છે કે માતૃદિનની ઉજવણી કરવાનો શ્રેય અમેરિકાન મહિલા અન્ના એમ. જાર્વિસને જાય છે. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર અન્ના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરતા હતા. જેના કારણે તેમણે ક્યારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી. માતાના અવસાન પછી, તેમણે તેમના માતા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું. જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ૯ મે, ૧૯૧૪ નાં રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મેના બીજા રવિવારને "મધર્સ ડે" ઉજવવામાં આવશે ત્યારથી તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે. 'તૈતરયોપનિષદ'માં એક સંસ્કૃત વાકય છે, 'માતૃ દેવો ભવ' એટલે કે 'માતા' દેવ તુલ્ય છે. ભગવાન કૃષ્ણની માતા જશોદા મા એ તો આ માતૃત્વની ઊંડાઈ સાબિત કરી છે. તે વિશ્વનાં સૌથી આદર્શ માતા મનાય છે. ભારતીય સંસ્કૃતિએ માતાને દેવ સમાન ગણી તેનું ગૌરવ વધાર્યું છે. માતાનાં વાત્સલ્યથી અને સંસ્કાર સિંચનથી બાળકનું જીવન ઘડાય છે. માતા હતાશની આશ છે, ભાંગ્યાની ભેરૂ છે, નાસીપાસની પ્રેરણા છે, વિશ્વનું સર્વોત્તમ તીર્થધામ છે, માતાના ચરણતળે જ સ્વર્ગ છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે છે. માતાનાં વાત્સલ્યનું નિર્મળ ઝરણું સતત ગતિમાન હોય છે. તેમની કદર કરવી જોઈએ અને તેનું સાચા અર્થમાં સન્માન કરવું જોઈએ.

**-મિત્તલ ખેતાણી**

# ગુજરાતની નીચલી કોર્ટના ૬૮ જજોના પ્રમોશન પર રોક, સુપ્રીમ કોર્ટે જજોના પ્રમોશન પર લગાવી રોક

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

ગુજરાતની નીચલી કોર્ટના ૬૮ જજોના પ્રમોશન પર રોક લગાવી છે. સુપ્રીમ કોર્ટે જજોના પ્રમોશન પર રોક લગાવી છે. રાહુલ ગાંધીને સજા સંભળાવનાર જજનું નામ પણ યાદીમાં સામેલ હતું. ત્યારે તેમનું પણ પ્રમોશન હાલ અટવાયુ છે. સુપ્રીમ કોર્ટે કેટલાક ચોક્કસ અવલોકન કર્યા છે. જેના આધારે આ રોક લગાવી હોવાની માહિતી સામે આવી છે. ૯ મેના રોજ યોજાયેલી સુનાવણીમાં ગુજરાતમાં નીચલી અદાલતના ૬૮ જ્યુડિશિયલ ઓફિસરોના પ્રમોશન સામે થયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સોમવારે આ અરજી પર સુપ્રીમ કોર્ટમાં બંને પક્ષોની રજૂઆત પૂર્ણ થઈ હતી. માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને દોષી ઠેરવીને ૨ વર્ષની સજા સંભળાવનારા સુરતની ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટના જજ એચ. એચ વર્માને પ્રમોશન સાથે ટ્રાન્સફર આપવામાં આવ્યું હતુ.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




"14 મે વિશ્વ માતૃ દિવસ"માતૃ વંદના સપ્તાહ ઉજવણી દિ:૪

NOG SS No : 127

વિષય જનેતા

શિર્ષક - માં

ભગવાન જેવી જેની સૂરત હોય
ભગવાન જેવી જેની મૂરત હોય
તો એ છે ફક્ત તમારી માં
જે ચારો ધામ થી પણ મહાન હોય..
નથી હોતું એને સ્વાર્થ નું ઘેલું
નથી હોતું એને સ્વર્ગ નું ઘેલું
બસ એકજ સ્વાર્થ હોય છે એનો
નિસ્વાર્થ વ્હાલ નો એ છે દરિયો
ભગવાન જેવી જેની સૂરત હોય
ભગવાન જેવી જેની મૂરત હોય
તો એ છે ફક્ત તમારી માં
જે ચારો ધામ થી પણ મહાન હોય..
સારી ની કોર થી આંશુ લુંછતી
તોય એ આપણાં દુખ ને પોછતી
કદી ન કળવા દેશે પીડા હીદય ની
બસ હરી લેતી સદાય ચિંતા આપણા મનની
ભગવાન જેવી જેની સૂરત હોય
ભગવાન જેવી જેની મૂરત હોય
તો એ છે ફક્ત તમારી માં
જે ચારો ધામ થી પણ મહાન હોય..

અલ્પા મહેતા.રાજકોટ

---

NOG SS No ..73

વિષય..જનેતા.

શીર્ષક.માની ગોદડી.

અમારું જુનુંઘર ગામડાનું એમાં માટી લીપણ ની દીવાલો ઘરના ખૂણામાં એક ડામચીયું જેના ઉપર મારી માંએ સરસ મજાની રંગબેરંગી ગોદડીયો મુકેલી હું જ્યારે પણ ગામડે જતી ત્યારે માં મારા માટે ખાટલા ઉપર નવી ગોદડી પાથરે એટલી સરસ સુંવાળી લાગે જાણે માંનો પાલવ કારણકે એ માં એ એની જૂની થઈ ગયેલી સાડી માંથી બનાવેલી હતી,એક ઓઢવા આપે ને એક પાથરવા આપે એ ગોદડી સિઝન પ્રમાણેની બનાવે ઉનાળા માટે સુતરાવ સાડીની પાતળી ગોદડી બનાવે શિયાળા માટે થોડી જાડી વધારે ગાભા નાખી બનાવે અને થોડી મધ્યમ ગાભાની બનાવે જે ચોમાસા કે સિઝન વગર પણ ઓઢી શકાય,અમે શહેરમાં રહેવા આવ્યા ત્યારે મારી માં એ એ ગોદડીયો કાઢી નાખવાનું નક્કી કર્યું કે શહેરમાં લોકો પોચા ગાદલા પર સુવે એટલે ગોદડી સારી ના લાગે, ત્યારે મેં માં ને કહ્યું માં મને વારસામાં કઈ આપવું હોય તો આમાંથી થોડીક ગોદડી આપો મારી માં કહે તારે વળી શહેરમાં ગોદડી શુ કરવી છે,ત્યારે મેં કહ્યું માં તું સતત મારી સાથે છે એવો એહસાસ મને થશે જ્યારે પણ હું ગોદડી પર સુઈ જઈશ ત્યારે તું સાથે એવું લાગશે અને સાચેજ હું આજે પણ મારા પેટી પલંગ માં મારી માંની આપેલી ગોદડી સાચવીને રાખું છું જ્યારે ઉનાળો આવે ત્યારે અગાશીમાં હું એ ગોદડી પાથરી સુઈ જાવ છું, મારા મમ્મી છોતેર વર્ષના છે ને હજુ પણ એ એના સાડલાની ગોદડી બનાવે છે હવે અમારા બાળકોના બાળકો માટે નાની નાની ગોદડી બનાવે છે,નાની નો પ્રેમ એમને પણ મળે,,આધુનિકતા માં અટવાઈ પોતાના બાળકને પાલસ્ટીક કે રબરની સીટ પર સુવડારનાર માતાને માની ગોદડી નો અહેસાસ ના હોય..આને કહેવાય મા જે પોતાના જુના ગાભામાંથી પણ પોતાના બાળક માટે પથારી બનાવે. સાચેજ માનું ઋણ ક્યારેય અદાના કરી શકાય. ઈશ્વર મારી મા ને દીર્ઘ આયુષ્ય ને નીરોગી રાખે તેવી પ્રાર્થના સાથે જગતની તમામ માતાઓને મારા પ્રણામ??????

નયના પટેલ..નૈન.વડોદરા.

---

NOG SS No-106

વિષયઃ-માતૃવંદના

શીર્ષકઃ-શું લખું

શબ્દઃ-૧૪૮

નામઃ-મુક્તિદા કુમાર'મનચલી'

'મા' હું શું લખું?
રગ રગમાં વહે!
'મા'!હું દિન મનાવું?
હર ઘડિ હર પળ
મારી સાથે રહે .
જાનના જોખમે પેટમાં જાળવી!
બાહર લાવી દુનિયા બતાવી,
'મા' હું શું લખું?
દુનિયાથી ડરતી,
હરતાં ફરતાં
માનો છેડો પકડી
દુનિયાને જોતી,
હું હરખાતી !
'મા' હું શું લખુ?
માના દૂધે મોટી થાતી, પહેલેપહેલાં
જીભે 'મા' હું બોલી! આખડતી અથડાતી,
દુઃખથી, હલબલી જાતી, ત્યારે 'મા''મા' હું ચિલ્લાતી!
'મા' હું શું લખું?
જોને મા હું ×મોટી×!
મોટા જેવી મોટી!
કીકી નહી નાની?
ભરી સભામાં ,
રહેવાની છાની?
'મા'હું શું લખું?
જગતની ગલીઓમાં
દોડી દોડી હરખાઉં!
માનો છેડો પકડી મલકાઉં.
'મા' તું મારી છે!
'મા' શું લખું.
વ્હાલપ ખોળી,
તારા ખોળે !
આંખે ઝળઝળિયાં,
કાને તમરાં!
મનમાં મોટા મનસૂબા!
મા ઓ મા! તું મારી.
તારી માટે,શું લખું ?
'મારી મા માટે શું લખું હું?'
'મનચલી'
'શું લખે?'

મુક્તિદા કુમાર
'મનચલી'
મુંબઈ - મહારાષ્ટ્ર

---

NOG S S No : 143

નામઃ- દક્ષા ઠાકર

વિષયઃ મા ને પત્ર.

પ્રકારઃ- ભાવવાહી રચના

મા ને પત્ર
પ્રતિ..
પરમ પૂજનીય મારી મા,
આજે યાદ તારી આવે!
ગમતું નથી લગીરે..
તેં સોંપેલા કાર્ય પૂરા કરતાં!
સમય ચાલ્યો સર સર..
અમૃત ભરેલું અંતર તારૂં માવડી!
સ્નેહનું સિંચન કરનારી માવડી..
જગતને દ્રશ્યમાન કરાવનાર
તું જ મારી માવડી!
તારા આપેલ સંસ્કાર દિપાવી,
માનવ અવતાર સાર્થક કરું મારી મા..!
એજ આશીષ માંગુ..
પગ જો મારા ડગમગે છબી તારી તરવરે,
તું જ મારી હિમ્મત ને તું જ પરમાત્મા.
લિ.તારી લાડલી..
દક્ષા ઠાકર 'દક્ષુ'

---

NOG SS No 149

વિષય : સમતોલન

પ્રકાર : લેખ

શબ્દ :

નામ : પલ્લવી જોશી. સરિતા

વડોદરા.

સમતોલન

પહેલો પ્રશ્ન આપણને એ થાય કે સમતોલન એટલે શું ? તો સમતોલન એટલે સરખું ,બેલેન્સ. જીવનમાં દરેક વસ્તુમાં સમતોલન હોવું જ જોઈએ. જેમ રસ્તા ખરબચડા હોય તો વાહનનું સમતોલન નથી રહેતું,વાહન બરાબર સરખું ચાલી નથી શકતું એવું જ કંઈક આપણા જીવનનું પણ છે.પતિ પત્ની એ જીવનરથનાં બે પેંડા છે જો એ સાથે ના ચાલે, કે નીકળી જાય તો રથનું સમતોલન ખોરવાઈ જાય છે.એટલે કે જીવન વિખેરાઈ જાય છે.દરેક બાબતમાં સમતોલન જાળવવું, પછી એ કાર્ય હોય ,વ્યવહાર હોય કે વિચાર હોય ? જ્યાં સુધી પતિ પત્ની એમને દુનિયામાં સાથે ચાલે છે, ત્યાં સુધી એમનાં જીવનની રેલગાડી પટરી પર સડસડાટ દોડે છે.પણ જ્યાં થોડી પણ આગળ પાછળ થઈ ત્યાં સમતોલન ગુમાવી બેસે છે. એક કમાવા જાય છે તો બીજા એ ઘર ચલાવવાનું હોય છે.પુરુષનું કામ પૈસા કમાવાનું છે તો સ્ત્રીનું કામ ઘર ચલાવવાનું છે.પૈસાનો ઉપયોગ કયાં અને કેવી રીતે કરવો એ આવડત સ્ત્રીમાં હોવી જોઈએ., તો જ સમયોલન જળવાય છે. સંબંધ સાચવવા ને સાચા અર્થમાં ઘણું બધું સહન કરવું પડે છે,જતુ કરવું પડે છે ત્યારે સંબંધ ટકી રહે છે,ને તો જ સંબંધોમાં સમતોલન જળવાઈ રહે છે.જીવન સારું જીવવા માટે એક સારા પરિવારની જરૂર છે અને એ પરિવાર તમને ત્યારે મળે છે જયારે સમતોલન જળવાય છે.

---

NOG SS No : 092

પ્રકાર :- પદ્ય

શિર્ષકઃ- ઈશ્વરનું બીજું રૂપ- મા

આંખોમાં જેના સ્નેહ ને,
મનમાં દુવા છે
અન્ય કોઈ નહીં,
એ તો મારી મા છે.
ગુસ્સો કરું તોય હેત ઓવારે,
મહેનતમાં કદીયે ના હારે.
આંખે છુપાવે આંસૂ અને સ્મિતથી જે છળાવે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
મને મારાથીય વધારે જાણે,
અવાજના થડકારથી મનની હાલત પિછાણે.
ધરા સમી ગરવી ને આકાશની આભા છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
આશિષનો એના ખૂટતો નથી ખજાનો,
કદીક ગુસ્સે થાય પણ સ્વભાવ છે મજાનો.
મારા સુખમાં સામેલ એની હર પ્રાર્થના છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
દુનિયાના તાપ અને ટાઢથી બચાવે,
સંકટ આવે તો પાલવમાં છૂપાવે.
મારે માટે તો રોજ એ ઈશ્વર જોડે લઢે છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
શિક્ષણ અને સંસ્કાર સદૈવ ઉચ્ચ દીધાં,
એને માટે કડવા ઘૂંટડાય હસીને પીધાં.
આજે હું જે છું એ બસ એની જ કૃપા છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
હારવા મને ક્યારેય નથી દેતી,
શબ્દો અને હૂંફથી નવું જોમ ભરતી.
વિજય અને સફળતા જેના ચરણે નમ્યાં છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.
સંબંધો તમામ એના એકમાંજ દેખાય છે,
બાકી તો જરૂરિયાતને આધારે લેખાય છે.
સતત હૂંફ ને સાથ જેનાથી મળે છે,
અન્ય કોઈ નહીં, એ તો મારી મા છે.

-અલકા નવિનચંદ્ર મહેતા, ગાંધીનગર

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૫૩ અને ચાંદીમાં રૂ.૧,૦૮૫ની નરમાઈ: ક્રૂડ તેલના ભાવમાં સુધારો

## નેચરલ ગેસમાં વૃદ્ધિઃ કોટન-ખાંડી વાયદામાં રૂ.૧૨૦નો ઘટાડોઃ મેન્થા તેલ પણ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૮૮૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૪,૩૫૩ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૭ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૪,૨૯,૦૯૨ સોદાઓમાં કુલ રૂ.૩૩,૨૬૮.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૮૮૮.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૪૩૫૩.૯૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૧,૯૮૧ સોદાઓમાં રૂ.૬,૩૩૪.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૭૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૫૦ અને નીચામાં રૂ.૬૦,૫૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫૩ ઘટી રૂ.૬૦,૬૩૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧૮ ઘટી રૂ.૪૮,૬૪૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૯ ઘટી રૂ.૬,૦૮૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૩ ઘટી રૂ.૬૦,૫૯૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૬૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૬૭૫ અને નીચામાં રૂ.૭૨,૫૦૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૦૮૫ ઘટી રૂ.૭૨,૭૨૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૮૭ ઘટી રૂ.૭૨,૭૨૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૮૦ ઘટી રૂ.૭૨,૭૨૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૦૨૧ સોદાઓમાં રૂ.૧,૦૧૪.૨૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૨૯.૮૫ના ભાવે ખૂલી, રૂ.૦.૫૫ ઘટી રૂ.૭૨૮.૬૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૦૬ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૨૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૦૬.૨૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૪.૦૫ જસત-મિની મે વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૨૮.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૫,૧૩૯ સોદાઓમાં રૂ.૧,૫૩૨.૭૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૬૪ અને નીચામાં રૂ.૫,૭૮૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ વધી રૂ.૫,૮૫૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૦ વધી રૂ.૫,૮૫૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૦ના ભાવે ખૂલી, રૂ..૮૦ વધી રૂ.૧૮૦.૪૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૦.૬ વધી ૧૮૦.૪ બોલાઈ રહ્યો હતો.

૧૮,૧૭૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૨૩૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૨૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૦,૬૦૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨,૦૨૮,૫૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬૪,૭૪૬,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૨૨૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૮૩.૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૬.૬૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૮૪૦ અને નીચામાં રૂ.૬૧,૫૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૦ ઘટી રૂ.૬૧,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૧૦ ઘટી રૂ.૯૪૯.૭૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૧૫.૩૫ કરોડનાં ૪,૩૦૪.૭૬૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૭૧૯.૩૯ કરોડનાં ૫૦૮.૫૨૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૩૪.૨૦ કરોડનાં ૧,૪૩૨,૧૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૯૮.૫૯ કરોડનાં ૩૮,૬૯૭,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૩.૮૪ કરોડનાં ૭,૯૭૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૪.૯૮ કરોડનાં ૧,૯૦૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૭૩.૮૯ કરોડનાં ૬,૫૧૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૪૧.૫૨ કરોડનાં ૧૪,૮૭૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૨૬ કરોડનાં ૫૨૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૪૩ કરોડનાં ૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૨૨૪.૦૧૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૯.૩૦૯ ટન, તાંબાના વાયદાઓમાં

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૬.૫૨ કરોડનાં ૩૨૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૩૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૪૧૭ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૪૨૯ અને નીચામાં ૧૬,૩૧૮ બોલાઈ, ૧૧૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૦ પોઈન્ટ ઘટી ૧૬,૩૫૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૪૩૫૩.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૬૦૫.૬૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૪૭.૪૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૯૮૧૬.૦૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૨૮૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૪૫.૨૩ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૪.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૨.૯૦ અને નીચામાં રૂ.૭૧.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪ વધી રૂ.૯૮.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૫૦ અને નીચામાં રૂ.૬.૮૦ રહી, અંતે રૂ.૦.૩૫ વધી રૂ.૮.૧૦ થયો હતો. સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૪ ઘટી રૂ.૩૬૦.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૩૨૦ રહી, અંતે રૂ.૧૦૮ ઘટી રૂ.૩૬૨ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૬૫.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૨૨ ઘટી રૂ.૧,૩૭૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૫૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૦૭ ઘટી રૂ.૧,૩૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૩ ઘટી રૂ.૨.૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૩.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૫ અને નીચામાં રૂ.૮૭.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૪૦ ઘટી રૂ.૯૧.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૨૫ અને નીચામાં રૂ.૭.૩૦ રહી, અંતે રૂ.૦.૩૫ ઘટી રૂ.૭.૭૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૩ અને નીચામાં રૂ.૧૮૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૪.૫૦ વધી રૂ.૨૪૬ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૯.૫૦ અને નીચામાં રૂ.૧૯૦ રહી, અંતે રૂ.૬૧ વધી રૂ.૨૬૨.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૪૮ વધી રૂ.૧,૦૪૭.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૦૨ના ભાવે ખૂલી, રૂ.૪૫૭.૫૦ વધી રૂ.૧,૮૨૫.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૭ થયો હતો.

# શુ હવે ફિલ્મો નક્કી કરશે કે કે આપણે દેશપ્રેમી છે કે દેશદ્રોહી ?



આપણે ત્યાં પાયાની સુવિધાઓનો અભાવ છે પ્રજાને રોજેરોજ હેરાન પરેશાન કરતા કનડતા પ્રશ્નો પર કોઈ વાત કરતું નથી અરે રાજકારણીઓ તો ભૂલેચુકે પણ આનો ઉલ્લેખ કરતા નથી .સાવ ફાલતુ બિનજરૂરી મુદ્દાઓ ઉભા કરી પ્રજાને ગુમરાહ કરવામાં આવે છે પ્રજા પણ કોણે ખબર સમસમીને ચુપચાપ બેસી રહે છે તેથી રાજકારણીઓને ફાવતું ખુલ્લું મેદાન મળી જાય છે.

હાલમાં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કઈ જ લેવા દેવા વગર રામભક્ત હનુમાનજીને શાસક પક્ષે મેદાનમાં ઉતારી દીધા.કર્ણાટકમાં ભાજપ પાંચ વરસથી સત્તા પર હતું .પાંચ વરસમાં શાસક પક્ષે કઈ કામગીરી કરી? કર્ણાટકમાં વિકાસની કઈ યોજના અમલમાં મુકી?કેટલા કામો કર્યા? ક્યાં કર્ણાટક અને કર્ણાટકવાસીઓને ફાયદો કરાવ્યો? હજુ જો સત્તા પર આવે તો કર્ણાટકના વિકાસ માટે શું કરશે? કઈ કઈ યોજના અમલમાં મુકશે? બીજા પાંચ વરસમાં કઈ કઈ નેત્રદિપક કામગીરી કરશે એની વાત કરવાને બદલે ધાર્મિક નારા લગાવે છે.મતદારોને રીતસર છેતરવામાં આવે છે મતદારોને ઉલ્લુ બનાવવામાં આવે છે મતદારોને ગુમરાહ કરવામાં આવે છે

દર ચૂંટણી માટે શા માટે ઠેઠ દિલ્હીથી આખી કેન્દ્રીય કેબિનેટને ચૂંટણી પ્રચાર માટે ઉતારવામાં આવે છે? શું રામ હનુમાન વગર ચૂંટણીઓ જીતી શકાતી નથી? દર ચૂંટણી વખતે જ કેમ ભગવાન યાદ આવે છે? દરેક વખતે કેમ મતોનું ધ્રુવીકરણ કરવાની જરૂર ઊભી થાય છે?

શુ કર્ણાટકનું ભાજપ એકમ એટલું સક્ષમ નથી કે ચૂંટણી લડી શકે? શુ કર્ણાટકના ભાજપના ધારાસભ્યો પ્રમુખો હોદ્દેદારો આગેવાનો પોતાના બળ પર પોતાના દમ પર ચૂંટણી લડી શકતા નથી? શુ પાંચ વરસ કર્ણાટક સરકાર દિલ્હીથી રિમોટ કન્ટ્રોલથી ચાલતી હતી?

શુ આટલા બધા ભેગા મળીને પણ ચૂંટણી લડી શકતા નથી? શુ આ લોકોને પોતાના કામ પર વિશ્વાસ નથી? પોતાની તાકાત પર ભરોસો નથી? પોતે ચૂંટણી લડવા જેટલા સક્ષમ નથી?

શા માટે દર વિધાનસભાની ચૂંટણી વખતે ઠેઠ દિલ્હીથી આખી કેન્દ્રીય કેબિનેટ ખુદ વડાપ્રધાન મોદીને પ્રચાર કરવા આવવું પડે છે મોદીને કર્ણાટક વિધાનસભા સાથે શુ લાગે વળગે? જો ભાજપ કર્ણાટકમાં જીતે તો મોદી કઈ કર્ણાટકના મુખ્યમંત્રી બનવાના નથી મોદી તો વિશ્વમાં સૌથી વધુ ૧૪૧ કરોડ વસ્તી ધરાવતા દેશના વડાપ્રધાન છે પ્રચાર માટે અબજો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે પણ વિકાસ પાછળ ફદીયું પણ ખર્ચ કરવામાં આવતું નથી.

દર વખતે મતદારોની લાગણીને ભડકાવી ઉશ્કેરી તેનો રાજકીય પક્ષો પોતાના ફાયદા માટે ઉપયોગ કરે છે આ રાજકારણીઓ મતદારોને છેતરે છે વિશ્વાસઘાત કરે છે પ્રજાને ઊંચે લઈ જઈ પછાડે છે. અહીં સવાલ એમ થાય કે દર ચૂંટણી વખતે મતદારો કેમ સામુહિક ગાડરિયા પ્રવાહમાં તણાઈ જાય છે ? મતદારો પોતાની બુદ્ધિ અકલના દરવાજા ક્યાં સુધી હજુ બંધ રાખવાના છે? પોતાની ઈચ્છા પોતાનો અવાજ પોતાનો મત જાહેરમાં જોરશોરથી ક્યારે કહેશે? ક્યાં સુધી નકામી ફાલતુ વાતો સાંભળ્યા કરીશું? ક્યાં સુધી ખોટી વાતો સહન કરીશું? ક્યારે સામે સવાલ કરીશું? ક્યારેય પોતાના હક માટે અવાજ ઉઠાવીશું? રાજકારણીઓ હવે બધા કામ ધંધા વેપાર છોડી કાશ્મીર ફાઈલ્સ પછી ધ કેરળ સ્ટોરીનો પ્રચાર કરવા નીકળી પડ્યા છે? કોઈ પણ ફિલ્મનો પ્રચાર કરવો રાજકીય પક્ષોનું કામ નથી. તમે ફિલ્મના નિર્માતા છો? તમે ફિલ્મના નિર્દેશક છો? તમે ફિલ્મના ફાયનાસર છો? ફિલ્મના હિરો નિર્દેશક નિર્માતા તમારા કોઈ નજદીકના સગા છે નહી ને તો પછી તમને આ ફિલ્મના પ્રચારમાં આટલો બધો રસ કેમ છે?

શુ હવે ફિલમો નક્કી કરશે કે આપણે દેશદ્રોહી છે કે દેશપ્રેમી ?

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# ગુજરાત આકરી ગરમીથી શેકાયુ, રાજ્યના ૮ શહેરોમાં ૪૩ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર રહ્યો છે. ગુરૂવારે ૪૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી વધુ ગરમ શહેર રહ્યું. રાજ્યના ૮ શહેરોમાં ૪૩ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું. વડોદરા અને રાજકોટમાં ૪૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું. તો અમદાવાદ અને ડીસામાં ૪૩.૭ સુધી તાપમાનનો પારો રહ્યો. ગાંધીનગર અને પોરબંદરમાં ૪૩.૫, તો ભૂજમાં ૪૩.૪ ડિગ્રી, જયારે ભાવનગર અને સુરતમાં ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું. રાજ્યમાં જ્યાં કાળઝાળ ગરમી પડી રહી છે તેવા શહેરો માટે ૨૪ કલાક મહત્વના છે. ૨૪ કલાક બાદ તાપમાન ઘટવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

NEWS OF GANDHINAGAR_P-5

# 'મહર્ષિ પતંજલિ પ્રવર્તિત અષ્ટાંગ યોગના બે અંગ : યમ અને નિયમ' વિષયક વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર,

આપણે શરીર સ્વાસ્થ્ય અને મનના સ્વાસ્થ્ય માટે યોગની સાધનામાં આસનો અને પ્રાણાયામ કરીએ છીએ. તેના આશ્ચર્યકારક ફાયદાઓ જે મેડિકલ સાયન્સમાં પણ ન મળે તેવા યોગીઓ દ્વારા જણાવેલ છે અને સાધારણ વ્યક્તિને પણ સ્ટ્રેસ મેનેજમેન્ટ, સ્મરણ શક્તિમાં વૃદ્ધિ, સમજ શક્તિની વૃદ્ધિ, મનની શાંતિ, શારીરિક અંગોમાં તંદુરસ્તી, બૌદ્ધિક વિકાસ, વ્યક્તિત્વ વિકાસ - આવા ઘણા બધા ફાયદાઓ પ્રાણાયામ અને આસન દ્વારા થાય છે જે લોકો અનુભવી રહ્યા છે. તેને કારણે યોગ વિષયક જ્ઞાનની વિશેષ વૃદ્ધિ માટે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને આર્ષ સંશોધન સંસ્થાન, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "મહર્ષિ પતંજલિ પ્રવર્તિત અષ્ટાંગ યોગના બે અંગ : યમ અને નિયમ" એ વિષય પર તા.૧૧-૦૫-૨૦૨૩ના રોજ આર્ષ કમિટી રૂમ, અક્ષરધામ ખાતે સાંજે ૬.૦૦ કલાકથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના શ્રી અરવિંદભાઈ રાણા તથા બીજા વક્તા તરીકે આર્ષ અક્ષરધામ ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. આર્ષ શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગરના કચેરી અધીક્ષક પ્રશાંત ભટ્ટે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. તેમજ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ પાર્થ ઠક્કરે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. "મહર્ષિ પતંજલિ પ્રવર્તિત અષ્ટાંગ યોગના યમ અને નિયમ બે અંગમાંથી યમ" વિષયક વક્તવ્ય રજૂ કરતા પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું કે, ઔષધ વગર સ્વાસ્થ્ય આપનાર અને યુદ્ધ વગર શાંતિ આપનાર મહામૂલું ધન એટલે 'યોગ'. તેથી જ સંયુક્ત રાષ્ટ્રસંઘ યુનોએ ૨૧ જૂન 'વિશ્વ યોગ દિન' તરીકે આરક્ષિત રાખ્યો છે. આ ભારતીય મૂલ્યોનું બહુમાન છે. પરંતુ ભારતીય તરીકે આપણે યોગને ખરેખર સમજીએ છીએ ખરા? એ વિચાર કરવા માટે આ પ્રવચનનું આયોજન કર્યું છે. સાધારણ રીતે આપણે શરીર સ્વાસ્થ્ય અને મનના સ્વાસ્થ્ય માટે યોગની સાધનામાં આસન અને પ્રાણાયામ કરીએ છીએ. પૌરાણિક સાહિત્યમાં ૨૪ જેટલા વિવિધ યોગો પ્રચલિત છે. આમ જણાવીને તેમણે યોગના ત્રણ અર્થ કહ્યા હતા. યોગશાખા ઉપનિષદમાં મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ, આ ચાર ભેદ મુખ્યત્વે કહેવામાં આવ્યા છે. જેમાં રાજયોગ અર્થાત્ પતંજલિ ઋષિએ દર્શાવેલ માર્ગ. તેની મુખ્ય વિભાવના જણાવતા કહ્યું હતું કે, યોગશાસ્ત્ર આરોગ્યશાસ્ત્રની જેમ ચાર પ્રકારે વહેંચાયેલું છે. આરોગ્યશાસ્ત્રમાં પહેલા રોગ, પછી એનું નિદાન અર્થાત રોગ કયા કારણે થયો છે એ નિશ્ચિત થાય. ત્યારબાદ ઔષધ થાય તથા અંતે આરોગ્ય પ્રાપ્ત કરે છે તેવી જ રીતે યોગશાસ્ત્ર પણ ચાર વસ્તુ બતાવે છે. યોગસૂત્રમાં ત્રણ પ્રકારના મંદ, મધ્યમ અને ઉત્તમ અધિકારીઓ તથા તેની ત્રણ પ્રકારની સાધના નિરૂપી છે. તેમાં અષ્ટાંગ યોગ મંદ અર્થાત ત્રીજા પ્રકારના અધિકારી માટે છે તેમ પતંજલિના સૂત્રો દ્વારા જણાવ્યું હતું. જેમાં યમ અને નિયમ બહુ ઉપયોગી છે. યમ અર્થાત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. યોગની સાધના કરનારે મન, વચન અને વર્તનથી અહિંસાનું પાલન કરવું, સામેના વ્યક્તિના કલ્યાણનો ખ્યાલ રાખીને સત્ય બોલવું, પારકાના દ્રવ્યનો અયોગ્ય રીતે સ્વીકાર ન કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, બિનજરૂરી સંગ્રહ ન કરવો. આ પાંચેય મહાવ્રતનું પાલન કરવાથી યમ સિદ્ધ થાય છે ત્યાર પછી જ નિયમ આવે. યોગસૂત્રના ૧૯૫ સૂત્રોમાંથી ૧૭ સૂત્રો યમના છે. દાર્શનિક યોગનો મુખ્ય હેતુ આત્યંતિક મુક્તિનો છે. જે બીજા ઘણા વિષયો સમજવાના બાકી છે તેનો ખ્યાલ આપે છે. આમ, યમ અને નિયમ મનને કેળવવાનાં અંગો હોવાથી તેમજ મનને બાહ્ય બાબતો પર સંયમ રાખતા શીખવતાં હોવાથી તેનો સમાવેશ બહિરંગમાં કરવામાં આવ્યો છે. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના શ્રી અરવિંદભાઈ રાણાએ "મહર્ષિ પતંજલિ પ્રવર્તિત અષ્ટાંગ યોગના નિયમ અંગ" વિષય પર વાત કરતાં જણાવ્યું હતું કે, યમ અને નિયમનો સંબંધ આંતરિક કરતા બાહ્ય વધારે છે. જેમાં નિયમ એ વ્યક્તિગત લાભ આપે છે. જેમ યમના પાંચ અંગ છે તેમ નિયમના પણ શૌચ-શુદ્ધિ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર-પ્રણિધાન એમ પાંચ અંગ છે. જેમાં શૌચ અર્થાત્ સ્વચ્છતા અને પવિત્રતા વધારે જરૂરી છે. બાહ્ય કરતા આંતરિક શુદ્ધિ વધારે જરૂરી છે. તેમણે આ વિષયો પર પ્રકાશ પાથરતા જણાવ્યું હતું કે - ધ્યાન એવા પ્રકારનું કરવું કે અંદરથી હોર્મોન્સ બદલાય જાય. અત્યારે માણસને ધ્યાન કરવાની ટેવ નથી તેથી ટ્રેશ-ચિંતા વધુ ઉત્પન્ન થાય છે. પૈસાવાળાનું સન્માન થવું જોઈએ પરંતુ તેને કરેલ ત્યાગ-દાનને કારણે સન્માન થવું જોઈએ. યોગ કરનાર સાધકે પ્રામાણિક પુરુષાર્થથી જે મળે તેનાથી વધારે ઈચ્છા ન રાખતાં જે પ્રાપ્ત થયું એનાથી સંતોષ રાખવો જોઈએ. તપ એટલે દ્વંદ્વ, માન-અપમાન વગેરેને સહન કરવું, તે પણ પ્રસન્ન ચિત્તે સહન કરવું તે તપ. સામેના વ્યક્તિના અવગુણોને જોતાં તેના સદ્ગુણો જોઈને આગળ વધવું તે તપ. સ્વાધ્યાય એટલે આત્મનિરીક્ષણ. એવા શાસ્ત્રોનું નિયમિત વાંચન કરવું જેનાથી આધ્યાત્મમાં આગળ વધી શકાય. જ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે. મોક્ષ સાથેનું અધ્યયન. આપણા જીવનમા પ્રત્યે કેટલા વફાદાર છો તેનું સતત નિરીક્ષણ દિવસ દરમિયાન કરવું જોઈએ. ઈશ્વર-પ્રણિધાન એટલે આપણા જીવનમાં જે કંઈ બને તેની પાછળ કોઈ મહાન સત્તા છે એવો સતત ખ્યાલ રાખી જે કંઈ કરીએ તે ઈશ્વરને ચરણે સમર્પિત કરવું જોઈએ. સાધુનાં ભગવાં વસ્ત્ર પણ ઈશ્વર સમર્પિતનું પ્રતિક છે.

યમ અને નિયમનાં પાંચ-પાંચ અંગ આચરણમાં ન આવે ત્યાં સુધી આધ્યાત્મિક ઉન્નતિ શક્ય નથી. સમાધિ પ્રાપ્ત કરવામાં યમ અને નિયમ સાધન છે સાધ્ય નથી. યોગમાં પ્રવેશ કરતાં સાધકોએ પાતંજલ યોગનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ એવી વાત કરી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું હતું. પ્રવચનને અંતમાં પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને શ્રી અરવિંદભાઈ રાણાએ શ્રોતાઓએ પૂછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આમ, આર્ષ મીટીંગ હોલ અક્ષરધામ, ખાતે મહર્ષિ પતંજલિ પ્રવર્તિત અષ્ટાંગ યોગના બે અંગ : યમ અને નિયમ" વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાના અંતમાં આર્ષ શોધ સંસ્થાન કચેરી અધીક્ષક શ્રી પ્રશાંત ભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવ્યો હતો.

## સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલેજીનો 'બ્રહ્મોત્સવ' ૧૦,૦૦૦ સાધકોની ઉપસ્થિતિમાં ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન !



'સનાતન સંસ્થા'ના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. આઠવલેજીનો ૮૧મો જન્મોત્સવ સપ્તર્ષિઓની આજ્ઞાથી આ વર્ષે 'બ્રહ્મોત્સવ' તરીકે ઊજવવામાં આવ્યો. સનાતન સંસ્થાના ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યોમાંથી આવેલા ૧૦,૦૦૦ થી વધુ સાધકોની ઉપસ્થિતિમાં અત્યંત ભાવભક્તિમય વાતાવરણમાં ઊજવવામાં આવ્યો. ગોવાના ફાર્માગુડી ખાતેના ગોવા અભિયાંત્રિકી મહાવિદ્યાલયના મેદાનમાં આ 'બ્રહ્મોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આંધ્રપ્રદેશના તિરુપતિ સ્થિત શ્રી. બાલાજી દેવસ્થાન વતી સુવર્ણરથમાંથી શ્રી તિરુપતિ બાલાજીની જેવી રીતે શોભાયાત્રા કાઢવામાં આવે છે, તેને 'બ્રહ્મોત્સવ' કહે છે. તેવી જ રીતે આ વર્ષે સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલેજીની સાગવાનમાંથી સાકાર કરવામાં આવેલા સુવર્ણરથમાંથી રથયાત્રા કાઢવામાં આવી. આ સમારંભ માટે ઝારખંડ ખાતેના પૂ. પ્રદીપ ખેમકા, પૂ. (સૌ.) સુનીતા ખેમકા, દિલ્લી ખાતેના પૂ. સંજીવકુમાર, 'પિતાંબરી' ઉદ્યોગસમૂહના શ્રી. રવિંદ્ર પ્રભુદેસાઈ અને કર્ણાટક ખાતેના હિંદુત્વનિષ્ઠ ધારાશાસ્ત્રી કૃષ્ણમૂર્તિએ મનોગત વ્યક્ત કર્યું. આ સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગોવા સંઘચાલક શ્રી. રાજન ભોબે, મ્હાર્દોળ ખાતેના શ્રી મહાલસા મંદિરના અધ્યક્ષ શ્રી. પ્રેમાનંદ કામત, ગોમંતક સંત મંડળના સંચાલક હ.ભ.પ. સુહાસ બુવા વઝે, ગોમંતક મંદિર મહાસંઘના અધ્યક્ષ શ્રી. ભાઈ પંડિત અને કોકણી સાહિત્યિક મહેશ પારકર આદિ માન્યવરો ઉપસ્થિત હતા.

કાર્યક્રમના આરંભમાં વર્ષ ૨૦૨૧માં સંપન્ન થયેલા સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. આઠવલેજીના જન્મોત્સવનો લઘુપટ બતાવવામાં આવ્યો. ત્યાર પછી કાઢવામાં આવેલી રથયાત્રામાં ધર્મધ્વજ, મંગલકલશ લીધેલી સુવાસિનીઓ, ધ્વજપથક, ઝાંઝપથક ઇત્યાદિ 'શ્રીમન્નારાયણ નારાયણ.....' આ ધુન પર માર્ગક્રમણ કરતા હતા. સુવર્ણરથમાં સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. આઠવલેજી સાથે જ તેમની ઉત્તરાધિકારિણીઓ શ્રીસત્શક્તિ (સૌ.) બિંદા સિંગબાળ અને શ્રીચિત્શક્તિ (સૌ.) અંજલી ગાડગીળ બિરાજમાન થયાં હતાં. આ સમયે નૃત્યપથકે 'અચ્યુતાષ્ટકમ' પર આધારિત નૃત્ય પ્રસ્તુત કર્યું. ત્યાર પછી 'આત્મારામ આનંદરમણા' આ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. આભારપ્રદર્શન અને રથદર્શનથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. પરાત્પર ગુરુ ડૉ. આઠવલેજીના જન્મોત્સવ નિમિત્તે એપ્રિલ અને મે આ બે માસમાં સનાતન સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં 'હિંદુ રાષ્ટ્ર જાગૃતિ અભિયાન' હાથ ધરવામાં આવી રહ્યું છે. તેના અંતર્ગત હજી સુધી અનેક પ્રાચીન મંદિરોની સ્વચ્છતા, સેંકડો મંદિરોમાં હિંદુ રાષ્ટ્રની સ્થાપના માટે સામૂહિક પ્રાર્થના, પ્રવચનો અને અનેક ઠેકાણે 'હિંદુ એકતા ફેરી' કાઢવામાં આવી. આ સર્વ ઉપક્રમોમાં હજારો હિંદુઓ સહભાગી થયા હતા.

## સમી તાલુકાના રવદ ગામે બાળકો માટે સમર કેમ્પ યોજાયો, બાળકો જૂની રમતો રમ્યા, ગામડાની સંસ્કૃતિથી અવગત થયા

વર્તમાન આધુનિક સમયમાં લોકો ધંધા અને રોજગારની શોધમાં ગામડાઓ છોડીને શહેરો તરફ આંધળી દોટ લગાવી રહ્યા છે. જેના કારણે ગામડાઓ હવે ધીરે-ધીરે ખાલી થવા લાગ્યા છે. અને શહેરોમાં વસ્તી વધારાની સમસ્યાઓ વધતી જાય છે. ત્યારે ક્યાંક ને ક્યાંક આ દોડધામ ભર્યા જીવનમાં લોકો પોતાના માદરે વતનથી દૂર થતા જાય છે. ત્યારે પાટણ જિલ્લાના સમી તાલુકાના રવદ ગામે સમસ્ત સત્યાવીસ લેઉવા પાટીદાર સમાજના પરિવારજનો ના સહકારથી સમગ્ર સત્યાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજના ૫૮૦ થી વધારે બાળકો માટે ૨ દિવસ માટે પ્રથમ સમર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું . સમાજના ભામાશા ને રવદ ગામના વતની પૂજ્ય શંકરભાઈના પૂતળાનું વાડીમાં અનાવરણ કરી વાડી ખુલ્લી મુકવામાં આવી.દાતાશ્રીઓ દ્વારા દાનની સરવાણી કરવામાં આવી. જેમાં પ્રથમ દિવસે શરૂઆતમાં સદગુરુદેવશ્રી ૧૦૦૮ શક્તિ પિઠાધીશ્વર પરમ પૂજ્ય માડીશ્રી બાબુભાઈ પટેલ સુરત (ખારીઘારીયાલ) વાળા જયમાડી ચેરીટેબલ ટ્રસ્ટ સુરત તરફથી તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકરોને ટોપીઓ આપવામાં આવી. બાદમાં વિવિધ રમતો જેવી કે કબડ્ડી,ખોખો, ગીલીદંડો, ગરગડી, ગેડી દડો,લખોટી, ભમરડા, વગેરે રમાડવામાં આવી. બપોરે માટીના રમકડાં બનાવવામાં આવ્યા.બપોરબાદ ફરીથી રમતો રમાડવામાં આવી જેવી કે કાગળ કામ, ઠીકરાની ચકરડી, કાળા દોરાની ગૂંથણી, દોરી વણાટ, ખાટલા ભરવા, કુકા,ચકા, સોગટબાજી, કોડી ની રમતો, જૂની રમતો રમાડી હતી. ત્યાર બાદ સાંજના ૬:૩૦ કલાકે ગામના મંદિરે મહા આરતી અને હનુમાન ચાલીસા કરવામાં આવી. અને ગામી વિશ્વાબેન પ્રવીણકુમાર નો જન્મદિવસ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ઉજવવામાં આવ્યો. તેમજ રાત્રે ભવાઈ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. મનોરંજન ની જૂની પરંપરા જાળવી રાખવામાં આવી.તેમજ રાત્રે ૫૮૦ બાળકોને



ગામમાં સુવા માટે ગ્રામજનો લઈ ગયા. માદરે વતનની માટીની મીઠી સુગંધ ને પ્રસરાવવા માટે સમી તાલુકાના રવદ ગામમાં એક અનોખો જ પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ સમસ્ત રવદ ગામના સત્યાવીસ લેઉવા પાટીદાર સમાજના પરિવારજનોનાં સહિયારા સહકારથી સમગ્ર ગામના પરિવારજનોના ૫૮૦ થી વધારે બાળકો ૨ દિવસ માટે સમર કેપમમાં ભાગ લેવા અને રવદ ગામની શાહી મહેમાનગતિ માણવા આવી પહોંચ્યા છે.

ત્યારે રવદ ગામના જે લોકો નોકરી ધંધા રોજગાર માટે વતનથી અન્ય જગ્યાએ સ્થાઈ થયા છે. તે તમામ પરિવારજનો પણ આ બે દિવસ માટે પોતાના માદરે વતનના ઘરમંદિરના દ્વાર ખોલી ઘર આંગણને રંગોળી અને રોશનીથી ઝળહળતું કરવામાં આવ્યું છે. જેનાથી રવદ ગામની સંસ્કૃતિ અને મહેમાનગતિની સુવાસને સમગ્ર પંથકમાં ચાર ચાંદ લાગી ગયા છે. ત્યારે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે રવદ ગામમાં સમગ્ર સત્યાવીસ લેઉવા પાટીદાર સમાજનાં આયોજકો તો સુખનું સરનામું મારું રવદ ગામ દેખાય છે. હાલો ભેરુ ગામડે.. જેવા સ્લોગન બનાવી લોકોને તેમના વતનની મીઠાશ માણવા આવકારવામાં આવી રહ્યા છે. બીજા દિવસે સમર કેમ્પમાં ૫૮૦ થી વધુ બાળકો સમર કેમ્પમાં ભાગ લેવા માટે આવ્યા છે. સમર કેમ્પમાં ભાગ લેનાર બાળકોએ સવારે ૬:૦૦ કલાકે પ્રભાતફેરી ગામમાં ફેરવવામાં આવી સાથે સાથે સ્વચ્છતા અભિયાન પણ કરવામાં આવ્યું. યોગ સહિત બાળકોની જૂથ પ્રવૃતિઓ અને રમતો રમાડવામાં આવી.ત્યારબાદ ૧૭ ટ્રેક્ટર ભરી તમામ બાળકોને લોહેશ્વર (લોટેશ્વર) મહાદેવ ના દર્શન કરવા લઈ જવામાં આવ્યા. ત્યાં મંદિર અને કુંડનું મહત્વ સમજાવવામાં આવ્યું. મહંત શ્રી દ્વારા તમામ બાળકોને કેન્ડી આપવામાં આવી. ત્યારબાદ દાતાશ્રી દ્વારા કેળાં, ચીકુ અને દ્રાક્ષનો નાસ્તો કરવામાં આવેલ. બપોરે ૧૧:૦૦ ગરબા રમાડવામાં આવ્યા. બપોરના સમયે મામલતદાર શ્રી હરેશભાઈ પટેલ દ્વારા સમર કેમ્પની મુલાકાત લેવામાં આવી તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. કન્યાઓ અને કુમારને સમાજ પ્રત્યેનુ માર્ગદર્શન આપવામાં આવ્યું.ત્યારબાદ વડીલો સાથે સંવાદ કરાયો હતો. આ ઉપરાંત બાળકોને ગામના જૂના મકાનોની રચના તેની બાંધણી મકાનોના બાંધકામ માટે શું ઉપયોગમાં લેવામાં આવતું હતું. તે સામગ્રી તે ઉપરાંત ગ્રામ્ય સંસ્કૃતિનાં ખેતીના ઓજારો અને ઘરગથ્થું વાસણોનું પ્રદર્શન પણ વાડીના હોલમાં આર્ટ ગેલેરી રાખવામાં આવી જેમાં સાંબેલું, કથરોટ,ખલ, તોરણ, રેંટિયો, ચરખો, દિવાલ ચાકડા, દંતાળી, કુહાડી, વાવણીયો,પેરણી, દાતરડું, સમાલ, રાસ, ગાડું, મણેકો(વજન માટે) જેવા ખેતીના ઓજારો તેમજ ગોળી, ગોળો, માટલું, ગઢું, કોઠી, પટારો,જુના પહેરવેશ જેવા જૂની દુલર્ભ વસ્તુઓ પણ બતાડવામાં આવી. સમાપન સમયે દાતાશ્રીઓ દ્વારા બેગ, કંપાસ, ચોપડા, કિચન વગેરે સામાનની કીટ વિતરણ કરવામાં આવી. રવદ ગામના સરપંચશ્રી, માજી સરપંચ રમેશભાઈ, પ્રફુલભાઈ, અશોકભાઈ, તેમજ તમામ સત્યાવીસ પાટીદાર પરિવારે ખૂબ જ ઉત્સાહથી ભાગ લઇ સમાજની સેવા કરી. સમસ્ત પાટીદાર પરિવાર રવદ તરફથી બે દિવસ જમણવાર આપવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પ્રમુખ કાનજીભાઈ, દાતાશ્રી જે. એમ.પટેલ, એન. પી. પટેલ, પ્રવીણભાઈ મણીલાલ, નિલેશભાઈ, પ્રવીણભાઈ ગામી, પંકિતબેન, આશારામભાઈ તેમજ અનેક કાર્યકરોએ ભાગ લઇ સમર કેમ્પને સફળ બનાવ્યો. બાળકો પરત જતી વખતે લાલજીભાઈ, કીરીટભાઈ અને સુરેશભાઈ તરફથી ભેળનો નાસ્તો કરાવવામાં આવ્યો.

## લૂ સામે રક્ષણ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ORSનું વિતરણ



ગાંધીનગર,

અત્યારે હાલમાં ગાંધીનગરમાં ગરમીનો પારો વધી રહ્યો છે. મહાનગરપાલિકા વિતારમાં ૪૩ ડિગ્રી કરતા વધુ તાપમાન નોંધાઇ રહ્યુ છે જેના પગલે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં લૂ લાગવાના કારણે કોઇ વ્યક્તિને તકલીફ ન પડે તે માટે માન. મેયરશ્રી હિતેષભાઈ મકવાણાની સૂચનાથી જુદા જુદા વિસ્તારમાં ORS ના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું.

ગાંધીનગરના બસ સ્ટેન્ડ, સે-૧૧ તથા સેકટર-૬ માં આવેલ યોગી બસ સ્ટેન્ડ પર ORSના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ. આ ઉપરાંત ૧૫૦ થી વધુ આશા વર્કર , ૫૦ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરને જરુરી જથ્થામાં ORSના પેકેટ આપેલ છે તેમજ ૧૦ અર્બન હેલ્થ સેંટર ખાતે લૂ લાગવાથી કોઈ તકલીફ ન થાય તે માટે જરૂરી સારવાર માટે સગવડ કરવામાં આવેલ છે તેમજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ORS પેકેટ મળી રહે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

### ગાંધીનગરમાં ૫ મી જુન સુધી

## દર શનિવાર, રવિવાર દરમ્યાન ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન યોજાશે

Mission life ,Life Style For Environment Theme અંતર્ગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,પ્રાદેશિક કચેરી,ગાંધીનગર. ગીર ફાઉન્ડેશન,ગાંધીનગર,ઈ-કોલી વેસ્ટ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર તથા ગાંધીનગરની જાગૃત સંસ્થાઓના સહયોગથી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે. આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી,ડીવીડી લૅમ્પ્સ, ટ્યૂબલાઇટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગમશીન, એરકન્ડિશનર કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફેક્સ મશીન, પ્લેઈન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે. ઘર અને ઓફિસની સફાઈ દરમિયાન આવો વેસ્ટ નીકળતો હોય છે. નજીવી રકમ માટે આપણે આવો વેસ્ટ ફેરિયાઓને આપી દઈએ છીએ. આ લોકો તેમને ઉપયોગી હોય તેવી ચીજ વસ્તુઓ કાઢી લઇ બાકીનો કાટમાળ ગમેત્યાં ફેકીદઈ પ્રદૂષણ ફેલાવતા હોય છે.

ઘરમાંથી નીકળતા આ ઈ-વેસ્ટમાં ઘણી હેવી મેટલ્સ અને રસાયણો હોય છે જે જોખમી અને નુકશાનકારક હોય છે. તેથી આ ઈ-વેસ્ટનું યોગ્ય રીતે વ્યવસ્થાપન થાય તે જરૂરી છે. ઈ-વેસ્ટ કલેકશન અભિયાન દરમિયાન એકત્રિત થયેલ સામાન સરકાર માન્ય રીસાયકલર ધ્વારા જ તેનો યોગ્ય નિકાલ થાય છે. ગાંધીનગરના પર્યાવરણની જાળવણી માટે ગાંધીનગરના નાગરિકોને આ અભિયાનમાં જોડાવવા નમ્ર અપીલ છે. તારીખ. ૫ મી જુન સુધી દર શનિવાર ,રવિવાર દરમ્યાન સવારે ૧૧:૦૦ થી સાંજના ૫ :૦૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧,ઘ-ટાઈપ,સેક્ટર-૨૩,લગ્નવાડી ની બાજુમાં, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે.અને જમા કરાવેલ ઈ-વેસ્ટનું નિયમ મુજબ ટોકન વળતર તથા પહોચ પણ આપવામાં આવશે.આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ જેવી કે ગાંધીનગર સમાચાર,ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના,રેડ ક્રોસ સોસાયટી,ગાંધીનગર.આત્મન ફાઉન્ડેશન ગાંધીનગર,રોટરી ક્લબ ઓફ કેપિટલ,ગાંધીનગર,ત્ન.જી.૨-સંગીની ફોરમ,ગાંધીનગર, ઉમિયા માતાજી સંસ્થાન,ગાંધીનગર,જ્યોતિ મહિલા મંડળ,ગાંધીનગર, સૌરાષ્ટ્ર કરછ સેવા સમાજ,ગાંધીનગર.નેચર ફર્સ્ટ,ગાંધીનગર. ગાંધીનગરમાં સેવારત અન્ય સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ આ અભિયાનમાં જોડાય તે માટે નમ્ર અપીલ કરવામાં આવે છે.

## નર્સિંગ ઈન્સ્ટીટ્યુટની આડમાં ડુપ્લીકેટ માર્કશીટો તથા સર્ટીફિકેટો બનાવવાનું દેશવાપી કૌભાંડ નો પર્દાફાશ કરી બે ઈસમોને પકડી પાડતી શહેર એસ.ઓ.જી.



પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઈમબ્રાંચ, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઈમબ્રાંચ નાઓએ અમદાવાદ શહેરમાં એસ.ઓ.જી ના હેડની કામગીરી કરવા સૂચનાઓ કરેલ. જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઈમબ્રાંચ નાઓના સુપરવિઝન તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી ચિરાગ ગોસાઇ નાઓની સૂચના તથા માર્ગદર્શન આધારે અર્જુમ હેડ કોન્સ. કલ્પેશભાઇ રણછોડભાઇ નાઓને અરજીની તપાસ સોપતા જે અરજીની તપાસમાં અરજદારશ્રી કિલ્પાબેન શૈલેષભાઇ પંચાલ, રહેવાસી-મ. નં.એ/૩૧, શીવાલય સોસાયટી, ગોકુળધામ સોસાયટીની નજીક, કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ શહેર નાઓ સાથે ઓગસ્ટ ૨૦૧૭ થી અત્યાર સુધી રાકેશ પટેલની અમદાવાદ, વસ્ત્રાલ ખાતેની સરદાર વોકેશનલ એજ્યુકેશનની તથા ગાંધીનગર, દહેગામ, શ્રીજી પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ વાળી ઓફીસે અરજદાર સાથે ઠગાઇ કરવાના ઈરાદે છેતરપીડી કરી નર્સિંગના ખોટા દસ્તાવેજો બનાવી ખોટી બનાવટ કરી અરજદારની પ્રતિષ્ઠાને હાની પહોચાડી તથા આવા ખોટા દસ્તાવેજોની અવેજમાં રૂ. પાંચ લાખ જેટલી માતબાર રકમ આરોપીઓએ મેળવી ગુનાહીત કાવતરૂ કરેલ હોવાની હકિકત અરજદારશ્રીનાઓએ જણાવતા જે બાબતે તા.૦૩/૦૫/૨૦૨૩ ક. ૧૪/૧૬ વાગે પ્રિન્સીપાલશ્રી વાગદેવી સ્કુલ ઓફ નર્સિંગ, બેગ્લોર ખાતે તેઓના ઇ-મેઇલ એડ્રેસ vagdevicon@gmail.com ઉપર અત્રેની એસ.ઓ.જી કચેરીના ઇ-મેઇલ એડ્રેસ acpsog@gmail.com ઉપરથી ઇ-મેઇલ કરી સદરહુ દસ્તાવેજોની પી.ડી.એફ ફાઇલ મોકલેલ જેને તેઓના રેકોર્ડમાં ચેક કરી સદર દસ્તાવેજોની ખરાઇ કરી સદર દસ્તાવેજો ખરા છે કે ખોટા તેની માહીતી મંગાવતા તેઓશ્રી તરફથી તેઓના પત્ર ક્રમાંક ™t-VSN/Ltr/728/BGL-2022 થી માંગેલ માહીતી આવતા આવા પ્રકારના કોઈપણ દસ્તાવેજો તેઓના રેકર્ડમાં અરજદારશ્રી પંચાલ કિલ્પાબેન જીવણલાલના નામે નોંધાયેલ નહી હોવાનુ પત્ર ઇ-મેઇલ થી આવતા પ્રથમ દષ્ટીએ આ કામના નર્સિંગના સર્ટીફિકેટો બોગસ જણાઇ આવતા શ્રીજી પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર આરોપી રાકેશ કાંતિભાઇ પટેલ રહે-વર્ધાના મુવાડા, પટેલવાસ, તા.દહેગામ જી.ગાંધીનગર તથા તેના મળતીયા સહ આરોપી મૌલીક પ્રવિણભાઇ રામી રહે-એ/૧૦૧, સરલ ડ્રીમ ફલેટ, વસ્ત્રાલ, અમદાવાદ વાળાઓના વિરૂધ્ધમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૧૨૩૦૧૨૪/૨૦૨૩ ધી ઇ.પી.કો. ૪૧૭, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૧૨૦ (બી) મુજબ તા.૦૪/૦૫/૨૦૨૩ ના રોજ ગુનો દાખલ કરી આગળની તપાસ અર્થે પો.સ.ઇ.શ્રી જે.બી.દેસાઇ નાઓ તરફ ડેપ્યુટ કરેલ જેમાં આ કામના આરોપીની સરદાર પટેલ વોકેશનલ એજ્યુકેશન, કે-૩-૨ સહજ કોમ્પલેક્ષ કર્ણાવતી ક્રોસ રોડ નજીક વસ્ત્રાલ અમદાવાદ શહેરની ઓફિસે જઈ તપાસ કરતા અરજદારશ્રી કિલ્લાબેન શૈલેષભાઇ પંચાલ નાઓનુ વાગદેવી સ્કુલ ઓફ નર્સિંગ, બેગ્લોરનુ ઓગસ્ટ ૨૦૧૭, ઓગસ્ટ ૨૦૧૮, સપ્ટેમ્બર ૨૦૧૯ તથા સપ્ટેમ્બર ૨૦૧૯ ની ૦૪ માર્કશીટો તથા અરજદારશ્રી સાહેદ કિલ્પાબેન શૈલેષભાઇ પંચાલ નાઓનુ વાગદેવી સ્કુલ ઓફ નર્સિંગ, બેગ્લોરનુ સપ્ટેમ્બર ૨૦૧૯ તથા સપ્ટેમ્બર ૨૦૧૯ ના ૦૨ ડિગ્રી સર્ટીફિકેટ તથા સુર્યા સ્કુલ ઓફ નર્સીંગના લેટરપેડના કોરા પાના નંગ-૭ તથા એક પાનકાર્ડ શ્રીજી ફાઉન્ડેશનનું તથા એક રાકેશ પટેલ તથા ધવલ પટેલ નાઓના નામનુ શ્રીજી એજ્યુકેશન એકેડમી લખેલ વિઝીટીંગ કાર્ડ તથા એક શ્રીજી પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ ફીની પહોંચબુક તથા એક શ્રીજી પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટના નામનુ ઈન્સ્ટીટ્યુશનલ એફીનેશનનુ સર્ટીફીકેટ તથા એક પટેલ રાકેશકુમાર કાંતીભાઇ પટેલ નાઓના નામનુ શ્રીજી ફાઉન્ડેશનની નોંધણીનો દાખલો તથા બિહાર સંસ્કૃત શીક્ષણ બોર્ડ પટનાનુ ઠક્કર સુભાષ હરીવદનના નામનુ રોલ નં.બી-૭૮૯૬૯૦૧ વાળી માર્કશીટ તથા એડમીટ કાર્ડ તથા માઇગ્રેશન-કમ-ટ્રાન્સફર- સર્ટીફીકેટ તથા પ્રોવિઝનલ સર્ટીફીકેટ તથા બિહાર સંસ્કૃત શીક્ષણ બોર્ડ પટનાનુ પટેલ તીર્થ જયેશભાઇના નામનુ રોલ નં.બી-૭૦૬૫૨૨૦ વાળી માર્કશીટ તથા એડમીટ કાર્ડ તથા માઇગ્રેશન-કમ-ટ્રાન્સફર-સર્ટીફીકેટ તથા પ્રોવિઝનલ સર્ટીફીકેટ તથા બિહાર સંસ્કૃત શીક્ષણ બોર્ડ પટનાનુ કુહીકર હર્ષ જીતેન્દ્રભાઇના નામનુ રોલ નં.બી-૭૦૬૫૨૩૨૧ વાળી માર્કશીટ તથા એડમીટ કાર્ડ તથા માઇગ્રેશન-કમ-ટ્રાન્સફર-સર્ટીફીકેટ તથા પ્રોવિઝનલ સર્ટીફીકેટ તથા અલગ-અલગ બેંકોની પાસબુકો, ચેકબુકો તથા બજાજ ફાયનાન્સનુ ઈર્સ કાર્ડ તથા ભાડા કરાર તથા નગરપાલીકાનું લાયસન્સ તથા મોબાઈલ ફોન નંગ-૦૩ મળી આવેલ છે.

NEWS OF GANDHINAGAR_P-6

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.